RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 261 Dt. 13-1-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ઉદ્ધવ ઠાકરે ભાજપ-બાળા સાહેબની વિચારધારા છોડી બન્યા CM : શાહ

## શિરડીમાં અમિત શાહે વિપક્ષી પાર્ટીઓ પર કર્યા પ્રહાર : શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેને પોતપોતાની જગ્યા પણ મહારાષ્ટ્રની ચૂંટણીએ જ બતાવી હોવાનું ઉચ્ચાર્યું



શિરડી, તા.૧૨

શિરડીમાં રવિવારે મહારાષ્ટ્ર ભાજપ રાજ્ય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સમયે મહા-અધિવેશનના સમાપન પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પાર્ટી કાર્યકરોને સંબોધિત કર્યા. આ દરમિયાન તેમણે મહારાષ્ટ્ર ચૂંટણીમાં પાર્ટીના કાર્યકરોને તેમની મોટી જીત બદલ અભિનંદન પાઠવ્યા અને વિપક્ષી પાર્ટીઓ પર પણ જોરદાર નિશાન સાધ્યું છે.

અમિત શાહે કહ્યું કે મહારાષ્ટ્ર ચૂંટણીમાં મળેલી મોટી જીત પછી સૌ પ્રથમ વખત ભેગા થયા છે. તમે બધાએ ખૂબ સરસ કામ કર્યું છે. લોકસભા ચૂંટણી પછી, બધા વિપક્ષી પક્ષોને વિશ્વાસ હતો કે તેઓ મહારાષ્ટ્રમાં જીતશે પણ તમે બધાએ તેમના સ્વપનને ચકનાચૂર કરવાનું કામ કર્યું છે. અમિત શાહે ભાજપના રાજ્ય સ્તરના સંમેલનમાં પાર્ટી કાર્યકરોને કહ્યું, 'તમે બધા જાણતા નથી કે તમે કેટલું મોટું કામ કર્યું છે. ઉદ્ધવ ઠાકરેએ ૨૦૧૯માં આપણી વિચારધારા છોડીને અને બાળાસાહેબ ઠાકરેના વિચારો છોડીને આપણી સાથે દગો કર્યો. તેઓ જૂઠું બોલીને અને છેતરપિંડી કરીને મુખ્યમંત્રી બન્યા. તમે ઉદ્ધવ ઠાકરેને તેમનું સ્થાન બતાવવાનું કામ કર્યું છે.' આ સાથે અમિત શાહે ઈન્ડિયા ગઠબંધનના વિઘટન પર પણ પ્રતિક્રિયા આપી છે. ભાજપના કાર્યકરોને સંબોધતા શાહે કહ્યું, 'તમે મહારાષ્ટ્રમાં અસ્થિરતાના રાજકારણનો અંત લાવવાનું અને મજબૂત દેવેન્દ્ર ફડણવીસ સરકાર આપવાનું કામ કર્યું છે.' અમારા બધા વિરોધીઓને વિશ્વાસ હતો કે લોકસભા ચૂંટણી પછી, અમે મહારાષ્ટ્રમાં જીતીશું. આનાથી તેમનું સ્વપન ચકનાચૂર થઈ ગયું છે. તમે શરદ પાવરને પણ તેમનું વાસ્તવિક સ્થાન બતાવ્યું. તેમણે કહ્યું કે દિલ્હીમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપ જીત મેળવશે. દિલ્હીમાં પણ ભાજપની સરકાર બનશે. ચૂંટણી વર્ષ ૨૦૨૪ના અંતે મહારાષ્ટ્રે વિજય અપાવ્યો છે. આ વલણ ચાલુ રહેશે અને વર્ષ ૨૦૨૫માં વિજય દિલ્હીથી શરૂ થશે. દિલ્હીમાં ૫ ફેબ્રુઆરીએ વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, જેના પરિણામો ૮ ફેબ્રુઆરીએ જાહેર કરવામાં આવશે.

### ઈન્ડિયા ગઠબંધનની સ્થિતિ શું છે?

અમિત શાહે લોકસભા ચૂંટણી પહેલા લગભગ ૩૨ પક્ષ દ્વારા રચાયેલા અખિલ ભારતીય ગઠબંધન પર પણ પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે, 'આ ઘમંડી જોડાણ તૂટવા લાગ્યું છે.' ઈન્ડી એલાયન્સની સ્થિતિ શું છે? ઉદ્ધવ શિવસેના અલગથી ચૂંટણી લડી રહી છે. દિલ્હીમાં શું થયું?

મમતા અને લાલુ સતત હુમલા કરી રહ્યા છે. આ દરમિયાન, શાહે પોતાના સંબોધનમાં વધુમાં કહ્યું કે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં દેશમાંથી નક્સલવાદ સંપૂર્ણપણે નાબૂદ થઈ જશે. અગાઉ, છત્તીસગઢની તેમની મુલાકાત દરમિયાન, તેમણે નક્સલવાદ સામે સરકારની કડક નીતિ વિશે પણ વાત કરી હતી.




# ત્રણ પોલીસ કર્મીને સસ્પેન્ડ કરતા SP

## ફરજમાં બેદરકારી દાખવી હોવાનું બહાર આવતા ભરાયું પગલું: કિશન આસોદરિયા, વરજાંગ મૂળયાસીયા તેમજ મહિલા પોલીસકર્મી હિના મેવાડાને કરાયા સસ્પેન્ડ

રાજકોટ મિરર, તા.૧૨

અમરેલી લેટરકાંડને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં અમરેલી એસપી સંજય ખરાતે મોટી કાર્યવાહી કરી છે તેમાં એક મહિલા પોલીસ કર્મી સહિત ૩ કર્મી સસ્પેન્ડ થયા છે. કિશન આસોદરિયા અને વરજાંગ મૂળયાસીયા તથા મહિલા પોલીસકર્મી હિના મેવાડા સસ્પેન્ડ થયા છે. તેમને ફરજમાં બેદરકારી બદલ અમરેલી એસપીએ સસ્પેન્ડ કર્યા છે.અમરેલીના લેટરકાંડની પીડિતા પાટીદાર યુવતી મામલે સીટની રચના કરવામાં આવી હતી. જેમાં અમરેલી એસપી સંજય ખરાતેએ સીટની રચના કરી હતી. તેમાં ડીવાયએસપી એ.જી.ગોહિલ, મહિલા પીઆઈ , મહિલા પીએસઆઈનો સીટ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં યુવતીના ગંભીર આક્ષેપો બાદ પોલીસે સીટની રચના કરી હતી. અગાઉ લેટરકાંડમાં પાટીદાર યુવતીએ પોલીસ સામે ગંભીર આક્ષેપ કર્યા હતા. જેમાં રાત્રીના સમયે ધરપકડ અને માર માર્યાનો પાયલ ગોટીએ પોલીસ સામે આક્ષેપ કર્યો હતા. ઉલ્લેખનીય છે કે અમરેલીના નકલી લેટર કાંડ મુદ્દે આરટીઆઈ એક્ટિવિસ્ટ મેદાને આવ્યા છે. જેમાં આરટીઆઈ એક્ટિવિસ્ટ નાથાલાલ સુખડિયાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. તેમાં સમગ્ર લેટર કાંડની તપાસ આઈપીએસ નિર્લિપ્ત રાયને સોંપવા માગ કરી છે. કૌશિક વેકરિયાને ખોટી રીતે બદનામ કરવાનું કાવતરું હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ભાજપના પૂર્વ સાંસદ આરોપીઓને દુષ્પ્રેરણા આપી બદનામી કરતા હોવાનો દાવો છે. સરકાર આ ઘટનાના મૂળ સુધી જઈને કાયદેસરના પગલા ભરે તેવી માગ કરી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય પરેશ ધાનાણીએ પણ મારી માવડીયુ લાજશે તેવું કહી પાટીદાર દીકરીને પોલીસના વાનમાંથી ઉતારીને પોતાના વાહનમાં બેસાડીને પોલીસેને કાયદો સમજાવ્યો હતો કે રાત્રીના દીકરીને ક્યા લઈ જાવ છે, ધમકાવા, ડરાવવા ? આ મુદ્દે પરેશ ધાનાણીએ ધરણા ધરી કસુરવાર પોલીસને ડીસમીસ કરવા માંગ કરી હતી. પણ કહેવાય છે રાજ્યવ્યાપી પાટીદાર સમાજનો રોષ ઠંડો પાળવા હાલ પુરતું અમરેલી જીલ્લા પોલીસ વડાએ એક મહિલા સહીત ત્રણને સસ્પેન્સનના ફરફરિયા પકડાવી દીધા છે. હજુ પણ આ કેસની તપાસ ચાલુ છે. આગળ શું થશે તે સમય જ બતાવશે.



શું હતી સમગ્ર ઘટના ? અમરેલી શહેર ભાજપ પ્રમુખના નક્લી લેટર પેડથી અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા વિરુદ્ધ સોશિયલ મીડિયામાં પત્ર વાયરલ કરવામાં આવ્યો હતો. આ મામલે કિશોર કાનપરીયાએ પોલીસને ફરિયાદ કરી હતી. જેમા પોલીસે ભાજપના પૂર્વ હોદ્દેદાર મનીષ વઘાસીયા સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી મનીષની ઓફિસ પહોંચી અને તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં સામે આવ્યુ છે કે આરોપી મનિષ વઘાસિયાએ બનાવટી લેટરપેડ કુરિયર કર્યા હતા. કુરિયર મારફતે લેટરપેડ મોકલ્યા હતા. હાલ પોલીસે વધુ કેટલા બનાવટી લેટર પેડ બનાવ્યા છે તે અંગે તપાસ હાથ ધરી છે. પોલીસે તેમના કાર્યાલય સહિત ઘરે પણ તપાસ શરૂ કરી છે.

કૌશિક વેકરીયાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના કેસમાં પોલીસે જે પાંચ આરોપીની ધરપકડ કરી હતી તેમા એક યુવતી પણ હતી જેમાં હાલ યુવતીની ધરપકડ મુદ્દે રાજકારણમાં ગરમાયુ છે. આ સમગ્ર ઘટનામાં ફરિયાદી પણ પાટીદાર છે અને આરોપી પણ પાટીદાર છે.

# BCCIના નવા સેક્રેટરી દેવજીત સૈકિયા

## દેવજીત સૈકિયા જય શાહની જગ્યા લેશેઃ BCCI સેક્રેટરી બન્યા, પ્રભતેજસિંહ ભાટિયા ખજાનચી બન્યા; સ્પેશિયલ જનરલ મિટિંગમાં બંને બિનહરીફ ચૂંટાયા



મુંબઈ, તા.૧૨

બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા(બીસીસીઆઈ)ના વચગાળાના સેક્રેટરી દેવ્જીત સૈકિયા હવે નવા સેક્રેટરી બની ગયા છે. આજે યોજાયેલી સ્પેશીયલ જનરલ મીટીંગમાં સૈકિયા ઉપરાંત પ્રભતેજસિંહ ભાટિયા ખજાનચી તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. સૈકિયા અને ભાટિયાએ ગયા અઠવાડિયે ઉમેદવારી નોંધાવી હતી. તેઓની સામે કોઈએ ઉમેદવારી નહિ નોંધાવતા બંને બિનહરીફ ચૂંટાયા છે.

સૈકિયાએ ગયા મહિને ડિસેમ્બરમાં પૂર્વ સેક્રેટરી જય શાહ પાસેથી પદ સંભાળ્યું હતું. તેમને વચગાળાના સેક્રેટરી બનાવ્યા હતા. જય શાહને આઈસીસીના અધ્યક્ષ બનાવ્યા છે, જેના કારણે તેમણે બીસીસીઆઈનું સેક્રેટરીનું પદ છોડી દીધું હતું.

અત્રે એ નોંધનીય છે કે, દેવજીત સૈકિયાને ૬ ડિસેમ્બરે જ BCCIના વચગાળાના સેક્રેટરી બનાવ્યા હતા. તે આસામ ક્રિકેટ એસોસિયેશનનો ભાગ છે. તેમણે જય શાહનું સ્થાન લીધું. અગાઉ એવા અહેવાલો હતા કે અરુણ જેટલીના પુત્ર રોહન જેટલી સેક્રેટરી બનશે, પરંતુ ગયા મહિને જ સંયુક્ત સચિવ સૈકિયાનું નામ સામે આવ્યું હતું.

બીજી તરફ, ભાટિયા છત્તીસગઢ ક્રિકેટ એસોસિયેશનનો ભાગ છે. તેઓ આશિષ શેલારના સ્થાને ખજાનચી પદ સંભાળશે. આશિષ મહારાષ્ટ્ર સરકારનો હિસ્સો બન્યા અને નિયમો મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીઓ બીસીસીઆઈનો ભાગ બની શકતા નથી.દેવજીત સૈકિયાએ BCCIના પ્રતિનિધિ તરીકે ગયા મહિને દુબઈમાં આઈસીસીની બેઠકમાં હાજરી આપી હતી.

પરિણામ જાહેર કરતાં ચૂંટણી અધિકારી એ.કે.જોતીએ જણાવ્યું હતું કે, 'બે હોદ્દા-પદાધિકારીઓ, સેક્રેટરી અને ટ્રેઝરરની ચૂંટણી બિનહરીફ થઈ હતી અને તેથી મતદાનની જરૂર નહોતી.' જય શાહનું શનિવારે બીસીસીઆઈએ સન્માન કર્યું હતું. જનરલ મીટીંગમાં તેમનું પણ સ્વાગત કરાયું હતું.

# પતંગ રસિયાઓ માટે માઠા સમાચાર

# કાલે ધીમા પવન કે માવઠાની સંભાવના

## હવામાન ખાતાની આગાહી પતંગબાજોનો ભાંગશે ઉત્સાહ ?

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં ૧૪ અને ૧૫ જાન્યુઆરી બે દિવસ લોકો ધાબા પર ચઢીને ઉત્તરાયણની ઉજવણી કરે છે. અમદાવાદ હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં માવઠું થવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં પૂર્વ અને દક્ષિણ પૂર્વ દિશા તરફથી આવતા પવનોને બદલે હવે ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો ફૂંકાઈ રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે રાજસ્થાનમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે.

આ ઉપરાંત એક ટ્રફ પણ રાજસ્થાનથી લઈને અરબ સાગર સુધી લંબાયો છે. જેને કારણે ઉત્તર ગુજરાતના જિલ્લામાં હળવા વરસાદની શક્યતાઓ છે.

આ ઉપરાંત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પણ ગુજરાતની ઉપરના ભાગેથી પસાર થયું છે, જેથી તાપમાનમાં પણ મોટા ફેરફારની શક્યતાઓ નહિવત છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં બે દિવસ દરમિયાન છુટાછવાયા હળવા વરસાદની શક્યતાઓ છે.

ઉત્તરાયણ પહેલા માવઠાથી રાજ્યના કેટલાક શહેરો ભીંજાઈ શકે છે. આ ઉપરાંત પવનની ગતિ પણ ૧૦થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેશે અને પવનની દિશા ઉત્તર તથા ઉત્તર પૂર્વ તરફથી રહેશે.

હવામાન વિભાગ દ્વારા આગાહી

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસે જણાવ્યું હતું કે આગામી ૧૪ અને ૧૫ જાન્યુઆરીના દિવસે પવનની ગતિ સામાન્ય રહેવાની શક્યતા છે.

ઠંડીનું પ્રમાણ પણ બે દિવસ દરમિયાન સારા પ્રમાણમાં રહેશે. કારણ કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂર્ણ થતાં તાપમાનનો પારો ગગડી શકે છે. તેથી ૧૪ અને ૧૫ જાન્યુઆરી દરમિયાન પણ ગુજરાતમાં ઠંડકનો અનુભવ થશે.

# પ્લાસ્ટિક વેસ્ટનો નિકાલ કરી અહેવાલ આપો : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૨

ગુજરાત હાઈકોર્ટે તમામ મહાનગરપાલિકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ, મટીરીયલ રિકવરી ફેસીલિટી, પ્લાસ્ટિક વેસ્ટના રુલ્સ અને નોર્મ્સનું પાલન થાય છે કે નહી તે મુદ્દે વિગતવાર રિપોર્ટ રજૂ કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને હુકમ કર્યો હતો. હાઈકોર્ટે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અને નોર્મ્સનું પાલન ના કરતા હોય તેવા કિસ્સામાં શિક્ષાત્મક કાર્યવાહી કરવા પણ નિર્દેશ કર્યો હતો.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા રાજ્યની આઠ મહાનગર પાલિકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ મુદ્દે કરાયેલા ઈન્સ્પેકશન અને મેળવાયેલા ડેટા સાથેનો રિપોર્ટ હાઈકોર્ટમાં રજૂ કરાયો હતો. જેમાં ગાંધીનગર અને ભાવનગર મહાનગરપાલિકાના કિસ્સામાં ગંભીર ચૂક હોવાનું જણાવાયું હતું. ભાવનગર કોર્પોરેશનમાં પ્લાસ્ટિક વેસ્ટ સેગરેશનની કોઇ વ્યવસ્થા કે મશીનરી જ નહી હોવાનું રિપોર્ટમાં જણાવાયું હતું.

જ્યારે ગાંધીનગરમાં ત્રણ પૈકીની બે સાઈટમાં વેસ્ટ રિકવરી ફેસીલિટી અને ડમ્પીંગ સાઈટ ઓપરેશનલ નહી હોવાનું જણાતા હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી અને આવા કસૂરવારો વિરુદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને જણાવ્યું હતું. આ કેસની સુનાવણી આગામી ૩૧ જાન્યુઆરીએ મુકરર કરવામાં આવી હતી.



## રાજ્યની મહાનગરપાલિકાઓને અહેવાલ રજુ કરવા આદેશ : ૩૧મી જાન્યુઆરીએ સુનાવણી

# શું તમે જાણો છો ? પ્રોસેસ્ડ ફૂડ ખાવાથી ડિપ્રેશન અને ચિંતા જેવી થઈ શકે છે ગંભીર સમસ્યાઓ



આજના સમયમાં બદલાતી જીવનશૈલી અને ખાણી-પીણીની આદતોને કારણે સ્વાસ્થ્યને ઘણી અસર થઈ છે. જેના કારણે લોકોમાં ચિંતા અને હતાશા વધી રહી છે. એક અભ્યાસ મુજબ, દૈનિક આહાર જેમાં ૩૦ ટકાથી વધુ અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડનો સમાવેશ થાય છે તે ડિપ્રેશનનું મુખ્ય કારણ છે. અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ્સ સામાન્ય જંક અને ફાસ્ટ ફૂડ પૂરતા મર્યાદિત નથી. આમાં મોટા પ્રમાણમાં ઉત્પાદિત અને શુદ્ધ ઉત્પાદનો જેમ કે ડાયેટ સોફ્ટ ડ્રિંક્સ, કેટલાક ફળોના રસ અને દહીં, માર્જરિન, તળેલા ઈંડા અને બટાકા જેવા ખોરાક અને ઘણી બધી ગરમી અને ખાવા માટે તૈયાર વાનગીઓનો સમાવેશ થાય છે. તમે જાણો છો કે ડિપ્રેશનનું એક મુખ્ય કારણ અલ્ટ્રા પ્રોસેસ્ડ ફૂડ છે? આપણે જે ખાઈએ છીએ તે મગજની રચના, કાર્ય અને મૂડને સીધી અસર કરે છે. ડેકિન યુનિવર્સિટી અને કેન્સર કાઉન્સિલ વિક્ટોરિયામાં હાથ ધરાયેલા સંશોધન મુજબ પ્રોસેસ્ડ ફૂડ એ ચિંતા અને ડિપ્રેશનનું મુખ્ય કારણ છે. અલ્ટ્રાપ્રોસેસ્ડ ફૂડને રસાયણોથી આગળ પ્રક્રિયા કરવામાં આવે છે, જેના કારણે તે આપણા મગજ પર વિપરીત અસર કરે છે.

પ્રોસેસ્ડ ફૂડ માનસિક સ્વાસ્થ્યને કેવી રીતે અસર કરે ?

પ્રોસેસ્ડ ફૂડ ખાવાથી યાદશક્તિ ઓછી થાય છે અને મગજ નબળું પડી જાય છે. સાથે જ ડિપ્રેશન અને ડિમેન્શિયાનું જોખમ પણ વધી જાય છે.

પ્રોસેસ્ડ ફૂડ આપણા એકંદર સ્વાસ્થ્ય માટે બિલકુલ સારું નથી. પ્રોસેસ્ડ ફૂડમાં ખાંડ, મીઠું અને સંતૃપ્ત ચરબી વધુ હોય છે, જે બ્લડ સુગરના સ્પાઇક્સ અને ક્રેશનું કારણ બની શકે છે. આ ચીડિયાપણું કારણ બની શકે છે. વધુમાં, વધુ પડતી ખાંડનું સેવન ડિપ્રેશનને ઉત્તેજન આપી શકે છે.

સેરોટોનિન એક ન્યુરોટ્રાન્સમીટર છે. તે ઊંઘ અને ભૂખને નિયંત્રિત કરવામાં, મૂડ સુધારવા અને પીડા ઘટાડવામાં મદદ કરે છે. જે લોકો પ્રોસેસ્ડ ફૂડ ખાય છે, તેમના મગજમાં સેરોટોનિનનું સ્તર અસંતુલિત થઈ જાય છે અને તેના કારણે વ્યક્તિને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ થવા લાગે છે.

ઘરે રાંધેલું ભોજન સ્વાસ્થ્ય માટે સારું

ડોકટરો પણ કહે છે કે તમારી જીવનશૈલી ગમે તેટલી વ્યસ્ત હોય ઘરે બનાવેલો તાજું ભોજન જ ખાવું જોઈએ. આપણે ઉતાવળમાં પ્રોસેસ્ડ ફૂડ ખાઈએ છીએ પરંતુ ભવિષ્યમાં તેના ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. તેથી ફક્ત પરંપરાગત ઘરેલું ભોજન જ ખાવું વધુ સારું છે, તેનાથી ચિંતા અને ડિપ્રેશન જેવી માનસિક બીમારીઓ થતી નથી.

# બાળકનું મોડુ બોલવાનું કારણ શુ છે? તમારી આ ૩ ભૂલ બની શકે છે કારણ





રાજકોટ તા.૧૯

બાળકનો પહેલો શબ્દ, બોલાતી ભાષામાં વાત કરવી, હાવભાવથી નહીં પણ બોલવાથી તેની પસંદગીની વસ્તુઓ માંગવી જેવી બાબતો કોઈપણ માતા-પિતા માટે આનંદની ક્ષણ હોય છે. ઘણા માતા-પિતા તેમના બાળકોને નાનપણથી જ બોલવાની અને બોલવાની તાલીમ આપવાનું શરૂ કરે છે, પરંતુ કેટલાક માતાપિતા એવા છે જેઓ તેમના બાળકોને શાંત રાખવા અથવા તેમને વ્યસ્ત રાખવા માટે ફોન આપે છે. માતા-પિતા તેમના બાળકો સાથે વાત કરવા માટે સમય કાઢી શકતા નથી, જેના કારણે ઘણા બાળકો મોડા બોલવાનું શરૂ કરે છે. ચાલો જાણીએ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડો. અમૂલ્યા મૈસૂર પાસેથી, આવી કેટલીક ભૂલો વિશે જેના કારણે બાળકો મોડા બોલે છે અને એ પણ કેવી રીતે બાળકોને વહેલા બોલવા માટે પ્રોત્સાહિત કરી શકાય?

બાળક માંડુ બોલવાનુ કારણ શુ છે?

બાળકો સાથે વાતચીત

ઉછરતા બાળકો વાતચીત અને તેમની આસપાસના અવાજોના સંપર્ક દ્વારા બોલવાનું શીખે છે. આવી સ્થિતિમાં બાળકો સાથે ઓછું બોલવું કે ન બોલવું એ તેમની ભાષા અને વાણીના વિકાસમાં અવરોધરૂપ બની શકે છે.

ખૂબ જ સ્ક્રીન સમય પસાર કરવો

બાળકો સ્ક્રીન ટાઈમની મદદથી બોલતા પણ શીખી શકે છે, પરંતુ વધુ પડતો સ્ક્રીન ટાઈમ આપવાથી બાળકો વાસ્તવિક દુનિયામાં કેવી રીતે વાતચીત કરવી અને બોલવું તે શીખવામાં પાછળ રહી શકે છે, જેના કારણે બાળકો વધુ શબ્દો મોડા અથવા ધીરે ધીરે વાપરતા શીખે છે.

બાળકો સાથે બેસીને પુસ્તકો ન વાંચવા

તમારા બાળક સાથે વાંચવાથી તેમના નવા શબ્દો અને વાણીના વિકાસને પ્રોત્સાહન મળે છે. આવી સ્થિતિમાં, જ્યારે માતા-પિતા બાળકો સાથે ઓછો સમય વિતાવે છે અને તેમને અન્ય બાળકો સાથે સંબંધિત વાર્તાઓ અથવા પુસ્તકો વાંચતા નથી, ત્યારે તેમની વાણી કુશળતા ઘટી શકે છે.

બાળકો ઝડપથી બોલતા કેવી રીતે શીખે છે?

વાતચીત પર ધ્યાન કેન્દ્રિત કરો

તમારા બાળક સાથે વાત કરો, તેમની સાથે ગાવાનો પ્રયાસ કરો, તેમને અન્ય અવાજોનું અનુકરણ કરવા માટે પ્રોત્સાહિત કરો અને શક્ય તેટલુ સામાન્ય ભાષામાં બાળકો સાથે વાત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરો.

નાનપણથી પુસ્તકો શીખવો

તમારા બાળકને તે શિશુ છે ત્યારથી જ શીખવવાનું શરૂ કરો.

ઘણી વય-યોગ્ય ફોટો અથવા વાર્તા પુસ્તકો બજારમાં ઉપલબ્ધછે, જેમાં તમે બાળકોને ફોટા બતાવીને અને તેમના નામ જણાવીને તેમને બોલવા માટે પ્રોત્સાહિત કરી શકો છો.

રોજિંદા પરિસ્થિતિઓનો ઉપયોગ કરો

તમારા બાળકની વાણી અને ભાષા સુધારવા માટે આખો દિવસ તમારી રીતે તેની સાથે વાત કરવાનો પ્રયાસ કરો. કરિયાણાની દુકાનમાં ખાદ્યપદાર્થોને નામ આપો, રસોઈ બનાવતી વખતે અથવા રૂમની સફાઈ કરતી વખતે તમે શું કરી રહ્યા છો તે સમજાવો અને ઘરની આસપાસની વસ્તુઓ તરફ નિર્દેશ કરો અને તેમના વિશે જણાવો.

# જાણો વિટામિન ડી ઘટવાના કારણ અને તેના ઉપાયો વિશે




સ્વસ્થ શરીર માટે દરેક વિટામિન, મિનરલ્સ જેવા પોષક તત્વની જરૂર પડે છે. જો બોડીમાં કોઈ વિટામિનનું લેવલ ઘટી જાય તો અનેક મુશ્કેલીઓ આવી શકે છે. વિટામિન ડી પણ એક મહત્વનું પોષક તત્વ છે. જો તેની કમી થાય તો હાડકા કમજોર થવા લાગે, ભૂખ ઓછી લાગવી, ઊંઘ ઘટી જવી, કમજોરી,રોગ પ્રતકારક શક્તિ ઘટી જવી વિગેરે સમસ્યા ઉભી થાય છે. જે લોકોમાં વિટામિન ડીનું લેવલ ઓછું હોય તે અવાર નવાર બીમાર પડે છે.

આજે આપણે અહીંયા તે જાણવાનો પ્રયાસ કરીશું કે વિટામિન ડી કેમ ઘટી જાય છે ? વિટામિન ડી ઘટી જાય તો શું કરવું? શેમાંથી વિટામિન ડી મેળવી શકાય ?

કેમ ઘટી જાય છે વિટામિન ડી ?

ખરાબ ફૂડ હેબિટને કારણે વિટામિન ડી ઘટી શકે છે. સૂર્યના કિરણોમાં વિટામિન ડીનું લેવલ સૌથી વધુ હોય છે. જે લોકો સૂર્ય પ્રકાશમાં બિલકુલ નથી રહેતા તેઓમાં વિટામિન ડી ઘટી જવાનો ખતરો વધુ હોય છે. આ સિવાય કિડની ફેલિયર કે કિડનીની કોઈ બીજી બીમારી, કેટલાક કેન્સર, કુપોષણ, આનુવંશિક મતલબ કે જે લોકોના ઘરમાં પહેલાથી કોઈને વિટામિન ડીની કમી હોય તો પરિવારના બીજા વ્યક્તિને પણ આ સમસ્યા આવી શકે છે.

વિટામિન ડી ઘટે તો શું થાય ?

વિટામિન ડીનું કામ શરીરમાં કેલ્શિયમ અને ફોસ્ફરસને અવશોષિત કરવાનું હોય છે. તે હાડકાને મજબૂત રાખવાનું કામ કરે છે. વિટામિન ડી ઘટી જવાના કારણે કેલ્શિયમ પણ ઘટી જાય છે. તેના કારણે હાડકા સંબંધિત સમસ્યા થઈ શકે છે.

વિટામિન ડી ઘટે તો કરો આ ઉપાય

વિટામિન ડીની કમી પૂરી કરવા કેટલાક આહારની સાથે સપ્લીમેન્ટ્સની પણ જરૂર પડે છે. પરંતુ ડોક્ટરની સલાહ વગર કોઈ સપ્લીમેન્ટ્સ ન લેવી જોઈએ.

આ રીતે પણ મળે છે વિટામિન ડી

વિટામિન ડીની ઉણપ પૂરી કરવા ભોજનમાં કેટલીક વસ્તુઓ એડ કરવી જોઈએ. ફેટી માછલી, ઈંડા, દૂધ, ટ્યૂના જેવા ખાદ્ય પદાર્થમાં ભરપૂર માત્રામાં વિટામિન ડી હોય છે. નટ્સ સીડ્સમાં પણ વિટામીન ડી હોય છે. આ સિવાય તમે અઠવાડિયામાં ત્રણ દિવસ સવારે ૧૫ મિનીટ તડકામાં બેસીને પણ વિટામિન ડી મેળવી શકો છો.

# બજારમાં મળતી વિવિધ ડુંગળીઓમાંથી સ્વાસ્થ્ય માટે કંઈ ડુંગળી વધુ ફાયદાકારક?

ડુંગળી લગભગ દરેક ઘરમાં ખાવામાં આવે છે. તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. સામાન્ય રીતે, ડુંગળીની બે જાત બજારમાં ઉપલબ્ધ છે. લાલ અને સફેદ. બંને પ્રકારની ડુંગળી ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. જો કે મોટાભાગના ઘરોમાં લાલ ડુંગળીનો વધુ ઉપયોગ થાય છે. જ્યારે સફેદ ડુંગળીનો વપરાશ ઓછો થાય છે. પરંતુ, એ વાત ચોક્કસ છે કે બંને પ્રકારની ડુંગળી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. સવાલ એ થાય છે કે કઈ ડુંગળી સ્વાસ્થ્ય માટે વધુ ફાયદાકારક છે? અમે આ વિશે ડાયેટ એન ક્યોરના ડાયટિશિયન અને ન્યુટ્રિશનિસ્ટ દિવ્યા ગાંધી સાથે વાત કરી. જવાબ તમે પણ જાણો છો.

સફેદ ડુંગળીના ફાયદા

લાલ ડુંગળી કરતાં સફેદ ડુંગળીનો સ્વાદ થોડો અલગ હોય છે.સફેદ ડુંગળી લાલ ડુંગળી કરતાં હળવી અને મીઠી હોય છે. આ ડુંગળી ઓછી તીખી હોય છે અને કાચી હોય ત્યારે રચના અલગ હોય છે. તેથી જ મોટાભાગના લોકો તેને સલાડના રૂપમાં વધુ ખાવાનું પસંદ કરે છે. તે જ સમયે, જો આપણે પોષકતત્વોની વાત કરીએ તો, સફેદ ડુંગળીમાં ઓછી કેલરી હોય છે. તેથી, તે વજન નિયંત્રણ માટે એક સારો વિકલ્પ ગણી શકાય. તે એન્ટીઓક્સીડેન્ટ્સનો સારો સ્ત્રોત છે. તેમાં ક્વેર્સેટિન જેવા એન્ટીઑકિસડન્ટો હોય છે, જે બળતરા ઘટાડવામાં અને ક્રોનિક રોગોના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. સફેદ ડુંગળી વિટામિન સીનો સારો સ્ત્રોત છે. તેનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને ત્વચા માટે પણ ફાયદાકારક માનવામાં આવે છે.

# સપનાંઓ જોવાથી સેલ્ફ કોન્ફિડન્સ તૂટે?



સેલ્ફ કોન્ફિડન્સ તૂટવામાં બીજાઓ ઉપરાંત આપણો પોતાનો પણ ઘણો મોટો વાંક હોય છે. આપણે જયારે આપણા ગજા બહારનાં, આપણી ઓકાત કરતાં મોટા સપનાં જોતાં થઈ જઈએ છીએ ત્યારે આજે નહીં તો કાલે, સેલ્ફ કોન્ફિડન્સ અચૂક તૂટવાનો. મોટાં સપનાં જોવાની ના નથી પણ એકસામટાં સપનાં જોઈ નાખવાનાં ન હોય. ધીરુભાઈ અંબાણીએ ગામડામાં રહીને, પછી ભૂલેશ્વરની ચાલીમાં રહીને પછી નાની-નાની જગ્યાઓમાં રહીને મહેલાતોમાં રહેવાનું શરૂ કર્યું હતું. કોઈ પણ સફળ વ્યક્તિ એક પછી એક પગથિયું ચડ્યા પછી જ અલ્ટિમેટ સફળતાને આંબે છે. આપણી ભૂલ શું થાય છે કે આપણે સફળ વ્યક્તિઓની આ અલ્ટિમેટ સફળતા જ જોઈ હોય છે. કેટલી ધીરજપૂર્વક તેઓ વન બાય વન સ્ટેપ આગળ વધ્યા છે તે જોવાની ફુરસદ જ નથી હોતી આપણામાં જેમ દરેક દોડવીર મહિનાઓ-વર્ષોની પ્રેક્ટિસ કર્યા પછી વધુ ને વધુ ઝડપે દોડતો થાય, જેમ દરેક રમતવીર ક્રમશઃ પોતાની સ્ટેમિના વધારતો જાય એમ ઓવર અ પિરિયડ ઑફ સમ યર્સ આપણે સફળ થઈ શકીએ, કોઈ સ્પ્રિન્ટ રનર રાતોરાત ઉસેન બોલ્ટ બનવાનું સપનું જોતો નથી આપણે જોઈએ છીએ. આપણા માટે અનરિયલ ગોલ્સ બનાવીને એને અચીવ કરવાના પ્રયત્નો કરીએ છીએ અને પછી ઊંધે માથે પટકાઈએ છીએ. આ નિષ્ફળતામાંથી બેઠા થવા, બીજાઓ આગળ આપણે હવે કેવાં લાગીશું એવી ભોંઠપમાંથી બહાર આવવા આપણે હજુ વધુ મોટો ગોલ અચીવ કરવાનું સપનું જોતાં થઈ જઈએ છીએ અને ફરી પટકાઈએ છીએ, અગાઉના કરતાં વધુ આકરી પછડાટ હોય છે આ. આવું કવાર બને કે એક કરતાં વધારે વાર, જયારે જયારે બને છે તે ત્યારે આપણે અંદરથી તૂટી જતાં હોઈએ છીએ, બહારથી બહાદુરીનો દેખાવ ભલે ચાલુ હોય પણ આપણો સેલ્ફ કોન્ફિડન્સ ચૂર ચૂર થઈ ગયો હોય છે. આ રીતે તૂટી ગયેલો આત્મવિશ્વાસ પાછો મેળવવાનો એકમાત્ર રસ્તો એ છે કે એકસાથે આખો લાડવો મોંમાં મૂકવાની ખ્વાહિશ પડતી મૂકીએ. કદાચ મોં એટલું બધું પહોળું કરશો ને આખો લાડવો મૂકી પણ દેશો તો એકસાથે એટલો લાડવો પચી શકે એ માટે મેં પાચનતંત્રને કેળવ્યું નથી એટલે શરીરને ભારે પડશે. તમે બીમાર પડશો.

તમને તમારું જે ગજું લાગે છે એના કરતાં અડધા ગજાનું જ કામ હાથમાં લો. એમાં ચકચકિત સફળતા મેળવશો એટલે આપોઆપ તમારામાં આત્મવિશ્વાસ આવશે. નેક્સ્ટ સ્ટેપ, ફરી એવું જ કરો. તમારા ગજા કરતાં અડધા ગજાનું જ હોય એવું કામ કરો. પાંચ ફૂટનો ફૂદકો મારી શકવાની ક્ષમતા હોય તો બે કે ત્રણ ફૂટનો જ ફૂદકો મારો. આત્મવિશ્વાસમાં ઉમેરો થશે. આ રીતે ક્રમશઃ સેલ્ફ કોન્ફિડન્સમાં ઉમેરો કરતા જશું તો થોડા વખત પછી આપણા ગજા મુજબનું કામ કરતાં થઈ જઈશું. થોડો વખત ગજા મુજબનું કામ કરતાં થઈ જઈશું એટલે આખરે આપણું જે ગજું છે તે ગજું વધારવાનો વખત આવશે. કામ તો એટલું જ રાખવાનું છે, હવે ગજું વધારવાનું છે. નવા માણસો સાથે હાથ મિલાવીને, નવું શીખીને, નવાં ક્ષેત્રોમાં જઈને, કમ્ફર્ટ ઝોનની બહાર નીકળીને, આઉટ ઑફ બોક્સ થિન્કિંગ કરીને ગજું વધારવાનું છે. આ ગજું વધાર્યા પછી પણ થોડો સમય કામ તો અગાઉના જેટલું જ રાખવાનું, સપનાં પણ અગાઉના જેટલાં જ રાખવાનાં. ગજું વધ્યું એટલે સપનાંઓ તરત વધારી નહીં દેવાના, થોડા વખત વીત્યા પછી વધારવાનાં. હવે તમારું ગજું મોટું થયું છે અને તમારાં સપનાં પણ ગજા મુજબનાં મોટાં થવા માંડ્યા છે.

આ આખીય પ્રક્રિયા થોડાક વખત સુધી યથાતથ ચાલતી રહેવા દો. ગજું વધારો, સપનું નહીં. પછી વધેલા ગજા મુજબનું સપનું જુઓ. હવે ગજું અને સપનું બેઉ વધી ગયાં. ફરી પાછું ગજું વધારો, સપનું નહીં... આ આવર્તનોની જેમ જેમ ટેવ પડતી જશે એમ એમ તમારામાં ગજબનું પરિવર્તન આવતું જશે અને તમે ગજા બહારનાં સપનાં જોઈને એ સપનાંને ભરપૂર આત્મવિશ્વાસ સાથે અમલમાં મૂકતાં થઈ જશો. ગજા બહારનું સપનું જોવા માટે આ આખીય પ્રક્રિયામાંથી પસાર થવાનું હોય છે. કોઈ જ્યારે તમને સલાહ આપે કે માણસે પ્રગતિ કરવી હોય તો પોતાના ગજા બહારનાં સપનાં જોતાં થઈ જવું જોઈએ. ત્યારે એણે માની લીધું હોય છે કે તમે આ લાંબી પ્રક્રિયામાંથી પસાર થઈ ચૂક્યા છો. વર્ષોની આ પ્રોસેસ પૂરી કર્યા વિના જેઓ પોતાની જાત માટે મોટી મોટી આશાઓ રાખતાં થઈ જાય છે, તેઓ અચૂક પટકાય છે અને આત્મવિશ્વાસ ખોઈ બેસે છે.

આપણામાં આત્મવિશ્વાસનો અભાવ હોય એમાં આપણો પોતાનો વાંક કેટલો? આપણો પોતાનો વાંક કેટલો? જિંદગીનાં છેલ્લાં દસ-વીસ વર્ષને રિવાઈન્ડ કરીને એની ઝલક આજે પોતાની જાતને બતાવવાનો પ્રોગ્રામ રાખશો તો સમજાઈ જશે. (સાભાર એસ.એસ.)

લાઈફ લાઈનઃ

નાનાં નાનાં સપનાંઓ સાકાર થશે તો જ મોટાં સપનાંઓ હકીકતમાં પલટાશે.

# વુમન્સ ક્રિકેટઃ ભારતે - આયર્લેન્ડને હરાવી સિરીઝ કરી અંકે

## જેમિમાહ રોડ્રિગ્સની પ્રથમ વનડે સદી સાથે ભારતે અત્યાર સુધીનો સર્વાધિક વન-ડે સ્કોર ખડક્યોઃ ભારતનો ૧૧૬ રને વિજય



રાજકોટ, તા. ૧૨

જેમિમાહ રોડ્રિગ્સની પ્રથમ ઘઉંઈ સદીએ ભારતને તેનો અત્યાર સુધીનો સૌથી વધુ ઘઉંઈ સ્કોર બનાવવામાં મદદ કરી અને ત્યારબાદ આયર્લેન્ડના ટોપ ઓર્ડરે યુવા ભારતીય ઝડપી બોલિંગ આક્રમણને નિષ્ફળ બનાવ્યું. ક્રિસ્ટીના કુલ્ટર રેલીએ તેની ચોથી ઈનિંગ્સમાં તેની પ્રથમ અડધી સદી ફટકારી હતી, જ્યારે લૌરા ડેલનીએ ૩૬ બોલમાં ૩૭ રન બનાવી ભારતના સ્પિનરોને હતાશ કર્યા હતા. આયર્લેન્ડે આખરે બે દિવસ અગાઉ સેટ કરેલા ૨૩૮/૭ના સ્કોરને વટાવી દીધો, બેટિંગમાંથી ઘણી સકારાત્મકતા મેળવી. સ્મૃતિ મંધાના સિવાય તેમના પોતાના યુવા ખેલાડીઓએ કેવી રીતે બેટિંગ કરી અને બોર્ડ પર રન બનાવ્યા તે ભારતની જીતનું મુખ્ય કારણ હતું. પ્રતિક રાવલે પાંચ ઈનિંગ્સમાં તેની ત્રીજી અડધી સદી ફટકારી હતી, પરંતુ સતત બીજી મેચમાં સદી ચૂકી જવાથી તે નિરાશ થશે. બે દિવસ અગાઉ ૮૯ રન કર્યા પછી, રાવલે મંધાના સાથેની તેમની ૧૫૬ રનની શરૂઆતની ભાગીદારી દરમિયાન, ખાસ કરીને સીમ બોલરો સામે, ઉત્તમ ઓફસાઇડ સ્ટ્રોક પ્લેનું પ્રદર્શન કર્યું. મંધાનાએ ૭૩ રને મિડવિકેટ પર ઓર્લા પ્રેન્ડરગાસ્ટના બોલને ખેંચી લીધા પછી, રાવલ ૬૭ રનના બીજા જ બોલ પર એલબીડબ્લ્યુ આઉટ થયો હતો. પાવરપ્લેમાં ભારતની તાકીદ અંધાધૂંધ સ્લોગિંગ નહીં પરંતુ શાનદાર સ્ટ્રોક પ્લે સાથે હતી, ભલે મંધાનાએ શરૂઆતમાં બે દિવસ અગાઉ સિરીઝના ઓપનરમાંથી રોલ રિવર્સલ જેવું લાગતું હતું. તે દિવસે, મંધાનાએ તેની સિગ્નેચર પુલ વગાડીને શરૂઆત કરી, જ્યારે રાવલ તૈયાર થયો.









મંધાનાએ રાવલને વહેલામાં આઉટ કરીને જોડીને પાંચ દાવમાં ૧૦૦ કે તેથી વધુની ત્રીજી શરૂઆતી ભાગીદારી કરવામાં મદદ કરી. બે અડીને સદીઓની અનિવાર્યતા સમજાઈ ગઈ હતી, પરંતુ એકાગ્રતાના અભાવે બેવડા મારમાં પરિણમ્યું હતું.

આનાથી હરલીન અને રોડ્રિગ્સ એક સાથે આવ્યા કારણ કે આ જોડીને ધીમી બોલિંગ સામે તેમના સ્ટ્રોક રમવામાં થોડો સમય લાગ્યો હતો. હરલીને શરૂઆતમાં ગતિ માટે સંઘર્ષ કર્યો, તેણે ૨૧ બોલમાં ૫ રન બનાવ્યા; રોડ્રિગ્સ બીજા છેડે થોડો વધુ મહેનતુ હતો, ક્રિઝની આસપાસ ફરીને અને પુલ અને પેડલ વગાડીને સીમર્સને નિષ્ફળ કરવાનો પ્રયાસ કરતો હતો.

આ જોડીએ તેમની અડધી સદીની ભાગીદારી પૂર્ણ કરવા માટે ૭૫ બોલ લીધા હતા, જે હરલીને મિડ-ઓફ પર એક શાનદાર, લોફ્ટેડ હિટ સાથે પૂર્ણ કરી હતી. રોડ્રિગ્સ વધુ પાછળ રહેવા માંગતી ન હતી કારણ કે તેણે આર્લિન કેલી પર સતત ચોગ્ગા ફટકાર્યા હતા, જેણે ભારતને ૩૨-૩૪ ઓવરમાં પાંચ બાઉન્ડ્રી આપી હતી. હરલીને કદાચ દિવસનો સર્વશ્રેષ્ઠ શોટ રમ્યો હતો જ્યારે તેણે ચોથા સ્ટમ્પથી લઈને ડીપ મિડ-વિકેટ અને લોંગ-ઓન વચ્ચેના અંતર સુધી સંપૂર્ણ બોલને વિભાજીત કરવા માટે અવિશ્વસનીય નિયંત્રણ બતાવ્યું હતું. આયર્લેન્ડે ૩૫મી ઓવરમાં ૩૪ રનમાં રોડ્રિગ્સ ગુમાવીને પોતાને નિરાશ કર્યા જ્યારે પ્રેન્ડરગાસ્ટ મિડ-ઓનથી નોન-સ્ટ્રાઈકરના અંત સુધી સીધો હિટ ચૂકી ગયો. રોડ્રિગ્સને બીજી તક મળી જ્યારે કીપર કુલ્ટર રેલીએ કેનિંગ તરફથી બોલને કટ કરવાનો પ્રયાસ કરતી વખતે મુશ્કેલ તક ગુમાવી દીધી.

હરલીને ૫૮ બોલમાં તેની અડધી સદી પૂરી કરી અને ૮૯ રનમાં આઉટ થતાં પહેલાં ચાર વનડેમાં તેની બીજી સદીના માર્ગે હતી. રોડ્રિગ્સે તેની અડધી સદી થોડી ધીમી ૬૨ બોલમાં ફટકારી હતી, પરંતુ તેણે છેલ્લી દસ ઓવરોમાં શાનદાર રમત રમી હતી. તેના સ્ટ્રોકપ્લેની ચોકસાઇ અસાધારણ હતી, જેમાં બોલને લેગસાઇડની નીચે ફેરવવાના તેના હસ્તાક્ષર શોટ વારંવાર દેખાતા હતા.

રોડ્રિગ્સે તેની અર્ધ સદીથી તેની પ્રથમ ઘઉંઈ સદી સુધી પહોંચવા માટે માત્ર ૨૮ બોલ લીધા હતા, જેનું બાલ્કનીમાં સમગ્ર ટીમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું, પરંતુ તે પછી તેણે ગિટાર પર તેના બેટ વડે ગીત વગાડીને ઉજવણી કરી હતી. ભારતે છેલ્લી દસ ઓવરમાં ૧૦૨ રન સહિત ૫ વિકેટે ૩૭૦ રન બનાવ્યા હતા, જ્યારે આયર્લેન્ડે રાહતનો શ્વાસ લીધો હતો.

આયર્લેન્ડની શરૂઆત ધીમી હતી અને તે ક્યારેય લક્ષ્ય સુધી સરખી રીતે પહોંચી શક્યું ન હતું. પરંતુ કુલ્ટર રેલીએ તેના હેલ્મેટ પર બે હિટ લગાવી, બંને વખત સયાલી સતઘરેનો બમ્પર બોલ ચૂકી ગયો. તેણીએ સ્પિન સામે, ખાસ કરીને લેગ સ્પિનર પ્રિયા મિશ્રા સામે નિર્ભયતા દર્શાવીને પ્રારંભિક આંચકોને દૂર કર્યો, જેને તેણીએ લેગ સાઇડ પર જુદા જુદા આર્ક પર સ્વિપ કર્યું. નંબર ૪ પર રમવા માટે આવેલી ડેલાનીએ શરૂઆતથી જ તત્પરતા બતાવી અને કવર દ્વારા તેના બીજા બોલ પર ચોગ્ગો ફટકાર્યો અને જ્યારે દીપ્તિ શર્માએ ૭મા રન પર મુશ્કેલ વળતરનો કેચ લઈને તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પ્રારંભિક રાહત, તેણી પણ એટલી જ અદ્ભુત હતી. ૮૩ રનની ચોથી વિકેટની ભાગીદારી - એ એકમાત્ર સમય હતો જ્યારે ભારતને આઈરિશ બેટ્સમેનોના પડકારનો સામનો કરવો પડ્યો, બાકીના બેટ્સમેનોએ શ્રેષ્ઠ પ્રયાસ કર્યો હોવા છતાં. અગાઉની મેચમાં અડધી સદી ફટકારનાર લેહ પોલે ૨૨ બોલમાં અણનમ ૨૭ રન ફટકારીને આયર્લેન્ડને બે દિવસ પહેલા નિર્ધારિત ૭ વિકેટે ૨૩૮ રનનો સ્કોર પાર કરવામાં મદદ કરી હતી.

### મારી દરેક સદી તેમને જીત અપાવે એ જ મારો લક્ષ્ય : રોડ્રિગ્સ

જેમિમાહ રોડ્રિગ્સે પોતાની પ્રથમ વન-ડે સદી ફટકારી ટીમને વિજય અપાવ્યો હતો એટલું જ નહીં તેમની સદીથી ભારતે વન-ડેમાં સર્વાધિક રનનો સ્કોર પણ ખડકી દીધો હતો. આ તકે રોડ્રિગ્સે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું કે તેના માટે આ સદી અત્યંત મહત્વની હતી એટલું જ નહીં ભવિષ્યમાં તેની દરેક સદી તેમને જીત અપાવે તે લક્ષ્ય સાથે જ તે મેદાનમાં ઉતરશે. સાથોસાથ તેને જણાવ્યું કે ભારતીય ટીમમાં જે હકારાત્મક અભિગમ સાથે ખેલાડીઓ પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે છે તે અત્યંત સરહાનીય છે. બીજી તરફ તેને જણાવ્યું હતું કે જ્યારે તેને અડધી સદી પૂર્ણ કરી ત્યારે તેને ખ્યાલ પણ નહોતો કે તેને ૫૦ રન ફટ કરી દીધા છે પરંતુ ટીમને સારો સ્કોર અપાવવા માટે હરલીન  સાથે જે ભાગીદારી થઈ તે વધુ સ્કોર ખડકવા માટે મદદરૂપ નીવડી.

### નબળી ફિલ્ડીંગ અને મુકેલા કેચ આયર્લેન્ડનું હારનું કારણ : ગેબી લેવિસ

આયર્લેન્ડ ટીમના સુકાની ગેબી લેવીસે જણાવ્યું કે આયર્લેન્ડ ટીમ ની હાર નું કારણ જો હોય તો તેની નબળી ફિલ્ડીંગ છે અને ઘણા ખરા કેચ મૂકવામાં આવ્યા એટલું જ નહીં સુકાનીએ જણાવ્યું કે જે મિડલ ઓર્ડરે જે સ્ટેન્ડ આપવું જોઈએ તે આપ્યું નહીં. સાતો સાત તેને ટીમની પ્રશંસા કરતાં પણ જણાવ્યું કે બેટિંગમાં જે સ્કોર ચેસ કરતી વખતે આયર્લેન્ડ એ કર્યો તે ગત મેચ કરતા પણ વધુ છે જે ખરા અર્થમાં ટીમમાં એક મોટીવેશન લાવશે કારણકે ભારત જેવી મજબૂત ટીમ સામે સ્કોર ચેઝ કરવો તે ખૂબ મોટી વાત છે જેના માટે સમગ્ર ટીમને ખૂબ સારી મહેનત કરી છે હા એ વાત સાચી છે કે સીરીઝ હારી ગયા છીએ પરંતુ આ બંને મેચમાં જે શીખ મળી છે તેનો લાભ ત્રીજા વન-ડેમાં અને આવનારી સિરીઝમાં જોવા મળશે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# મોજ માણો, ગળા બચાવો

## પતંગોત્સવ :સૂર્ય ઉર્જા ગ્રહણ કરવાનો મુખ્ય ઉદ્દેશ ન ભૂલતા



મકરસંક્રાંતિ એટલે સૂર્યદેવનો મકર રાશિમાં પ્રવેશ. આ દિવસથી સૂર્યદેવ ઉત્તર દિશા તરફ અગ્રેસર થતા હોવાથી ઉતરાયણ પણ કહેવામાં આવે છે. ટૂંકમાં આવતીકાલે સૂર્યોત્સવ છે. આરોગ્ય અને આધ્યાત્મિકતાના વિશિષ્ટ ઉદેશ સાથે ભારતભરમાં વિવિધ નામથી આ દિવસ ઉજવાઈ રહ્યો છે.

ગુજરાતમાં પતંગોત્સવ તરીકે દેશ દુનિયામાં ખ્યાતિ ધરાવે છે. રાજકોટ સહિત ગુજરાતભરમાં આવતીકાલે પતંગ રસિયાઓને મોજે દરિયા થઈ જશે. પતંગનું માર્કેટ સતત વિકસી રહ્યું છે. આ વર્ષ રૂપિયા ૫૦૦ કરોડએ પહોંચવાની ધારણા છે. પતંગ ચગાવવાની પરંપરામાં મુખ્ય ઉદ્દેશ સૂર્ય ઉર્જા ગ્રહણ કરવાનો રહ્યો છે.

શિયાળાની તીવ્રતમ ઠંડીના ગાળામાં આ પર્વ આવે છે. ઠંડીના કારણે કફ પ્રકૃતિ પ્રભાવિ બને છે. ઠંડીમાં કફપ્રધાન સમસ્યાઓ વધી જાય છે. કફને કારણે બેલેન્સ કરવા પ્રાકૃતિક ગરમાવો જરૂરી હોય છે. ઋષિમુનિઓએ સૂર્ય ઉર્જાને શ્રેષ્ઠ ગણી છે. સૂર્યદેવ ઉત્તર તરફ અગ્રેસર થતા હોય એ દિને સૂર્ય તાપ લેવાથી તંદુરસ્તી વધે છે. આ ઉપરાંત સૂર્ય ઉર્જા દિવ્ય હોવાથી નેગેટિવ ઉર્જાનો હ્રાશ થાય છે. પતંગ ઉત્સવની મોજ મન મૂકીને માણજો પણ મુખ્ય ઉદ્દેશ ચૂકાવો ન જોઈએ.

જોકે સમયાનુસાર પર્વમાં પરિવર્તન થતા રહે છે. પતંગ ઉત્સવ દરમિયાન આકાશમાં રાજ કરવાનો ભાવ બળત્તર બન્યો છે. રાજ્યની પતંગ કાપે તો જ રાજ શક્ય બને. આ કારણે કાચ પાયેલા દોરાથી માંડીને ચાઈનીઝ દોરાનો વ્યાપ વધ્યો.

આ દોરા પતંગ કાપવા સાથે લોકોના ગળા પણ કાપવા લાગ્યા. કાલે ગુજરાતમાં ઘણા નિર્દોષ લોકોના ગળા કપાશે. મોજ પૂરેપૂરી માણજો, પણ ગળા બચાવવા સાવધ રહેવું પડે તેવી સ્થિતિ છે.

ચાઈનીઝ દોરા વેચવામાં ઘણા પકડાયા છે, પરંતુ તંત્રની વૃત્તિ કે ક્ષમતા નથી કે ગુજરાતને ગળાકાપ દોરા મુક્ત બનાવી શકે. આ માટે વાહનચાલકોએ ચેતતા રહેવું અનિવાર્ય છે.

પતંગ ઉત્સવ માટે અગાસી પર મ્યુઝિક સિસ્ટમ ગોઠવાવા લાગી છે. આવતીકાલે ચારે બાજુ તીવ્ર ઘોંઘાટ છવાશે. જોકે વીજ લાઈનોમાં પતંગો ના દોરા ફસાતા રહે છે તેથી દરેક વિસ્તારોમાં વારંવાર વીજળી ગૂલ થતી રહેશે. આ પ્રતિ વર્ષની પરંપરા બની ગઈ છે. આખો દિવસ પતંગ ચગાવ્યા બાદ રાત્રિના આગના ગુબારાથી માંડીને ફટાકડા ફોડવાની પરંપરા પણ બની ગઈ છે.

પરંપરામાં વિચિત્ર ભેળસેળ થઈ ગઈ છે. દિવાળીના ફટાકડા પતંગ ઉત્સવમાં ઘૂસ્યા છે. વિચિત્રતાની પરાકાષ્ઠા એ છે કે દિવાળીમાં ફટાકડા ફોડવા અંગે જાહેરનામા જાહેર કરવામાં આવે છે, મકરસંક્રાતિએ બે રોકટોક ધડાકા કરી શકાય છે !

પતંગ પર્વમાં ખાણીપીણી પણ વિશિષ્ટ અને હેલ્ધી હોય છે. આમાં પણ પિત્ઝા, બર્ગર ઘુસ્યા છે. ઘણા તો એવા છે કે ખાવાને બદલે પીવાની જ વેંતરણમાં રહે છે. આવા ભેળસેળિયા બની ગયેલા પતંગોત્સવના પૂર્વ દિને દરેકને શુભેચ્છા કે ભાનમાં રહીને મોજ માણો અને સાવધ રહો.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# મહાકુંભમાં પહેલા સ્નાન અને ડૂબકી મારવાનો કોનો મળે છે મોકો?

**લગભગ બધા માટે આ અચરજ પમાડતા સવાલ વિષે જાણવા જેવું**



પ્રયાગરાજ, તા.૧૨

દર ૧૨ વર્ષે મહાકુંભ નું આયોજન કરવામાં આવે છે. એવી માન્યતા છે કે કુંભમાં એક વખત સ્નાન કરવાથી તમામ પાપ ધોવાઈ જાય છે અને એટલે દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં એક વખત તો કુંભ સ્નાન કરવું જ જોઈએ.

પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે દર વખતે લાખો-કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ એમાં ભાગ લેવા પહોંચે છે પરંતુ કુંભમાં પહેલા સ્નાનનું માન કોને આપવામાં આવે છે? ચાલો આજે તેમને એના વિશે જણાવીએ-

હિંદુ ધર્મમાં મહાકુંભનું અનેરું મહત્ત્વ જણાવવામાં આવ્યું છે. ૧૨ વર્ષમાં એક વખત યોજાતો આ કુંભ મેળો પ્રયાગરાજ, હરિદ્વાર, ઉજ્જૈન અને નાસિકમાં યોજાય છે.

જ્યારે ૧૨ કુંભ મેળાનું એક સર્કલ પૂરું થાય ત્યારે મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. આમ મહાકુંભ ૧૪૪ વર્ષે એક વખત યોજાય છે.

એટલે કોઈ પણ વ્યક્તિ પોતાના જીવનમાં એક જ વખત મહાકુંભના સાક્ષી બની શકે છે. મહાકુંભ જોવા માટે દુનિયાભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ અને પર્યટકો આવી પહોંચે છે.

ધાર્મિક માન્યતાઓ અનુસાર મહાકુંભમાં સ્નાન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. પરંતુ વાત કરીએ પહેલાં સ્નાન કરવાના માનની તો સૌથી પહેલાં કુંભમાં સ્નાન કરવાનો મોકો નાગા સાધુોને આપવામાં આવે છે.

નાગા સાધુઓને પ્રથમ સ્નાન કરવાનો મોકો કેમ આપવામાં આવે છે એવી તો પ્રાચીન કાળમાં તેઓ ધર્મ અને સમાજની રક્ષા માટે સેનાના રૂપમાં કામ કરતા હતા. નાના સાધુઓ તેમની રહેણી-કરણી અને ભાવ-ભંગિમાને કારણે હંમેશા જ ચર્ચાનું કારણ બનતા હોય છે.

નાગા સાધુઓ એક વખત મહાકુંભમાં સ્નાન કરી લે ત્યાર બાદ ત્યાં આવેલા પર્યટકો અને અન્ય શ્રદ્ધાળુઓને ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાની પરવાનગી આપવામાં આવે છે. કુંભ સ્નાનનું હિંદુ ધર્મમાં એક આગવું મહત્વ સમજાવવામાં આવ્યું છે.

# સ્વામી વિવાકાનંદને યુવાનોમાં હતો વિશ્વાસ, મને સ્વામીજીની વાતો પરઃ વડાપ્રધાન

## સ્વામી વિવેકાનંદના જન્મ દિવસે નરેન્દ્ર મોદીએ યુવાનો અંગે કરી મોટી વાત



નવી દિલ્હી, તા.૧૨

દેશના યુવા માટે પ્રેરણા સ્ત્રોત એવા સ્વામી વિવેકાનંદનોઆજે જન્મ દિવસ છે. આ પ્રસંગે સમગ્ર દેશ સ્વામી વિવેકાનંદ યાદ કરીને નમન કરી રહ્યા છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વામી વિવેકાનંદને યાદ કર્યા હતા તેમજ કહ્યું હતું કે, સ્વામીજી કહેતા હતા કે મને યુવા પેઢીમાં વિશ્વાસ છે.

સ્વામીજી કહેતા હતા મારા કાર્યકરો યુવા પેઢીમાંથી આવશે. જેમ વિવેકાનંદજીને તમારામાં વિશ્વાસ હતો, તેમ મને પણ વિવેકાનંદજીમાં વિશ્વાસ છે. મને તેમની દરેક વાત પર વિશ્વાસ છે. પ્રધાનમંત્રી મોદીના મતે સ્વામી વિવેકાનંદે ભારતના યુવાનો માટે જે કંઈ વિચાર્યું અને કહ્યું છે તેમાં મને પૂર્ણ વિશ્વાસ છે.

પીએમ મોદીએ કહ્યું, 'જો વિકસિત ભારતનો વિચાર આપણા દરેક નિર્ણય, પગલા અને નીતિનું માર્ગદર્શન કરે, તો દુનિયાની કોઈ શક્તિ આપણને વિકાસ કરતા રોકી શકશે નહીં. તેમણે કહ્યું કે આજે ભારતના યુવાનોની ઉર્જાએ ભારત મંડપમને ઉત્સાહથી ભરી દીધું છે.

પીએમ મોદીએ કહ્યું સમયના ચક્રને જુઓ. આ ભારત મંડપમમાં જ્યાં તમે બધા ભેગા થયા છો. વૈશ્વિક નેતાઓ વિશ્વના ભવિષ્ય વિશે ચર્ચા કરી રહ્યા હતા. મારું સૌભાગ્ય છે કે આજે હું એ જ જગ્યાએ છું જ્યાં દેશના યુવાનો ભારતના આગામી ૨૫ વર્ષ માટે રોડમેપ તૈયાર કરી રહ્યા છે.

પોતાના સંસ્મરણો વર્ણવતા પીએમ મોદીએ કહ્યું, થોડા મહિના પહેલા હું મારા નિવાસસ્થાને યુવા ખેલાડીઓના એક જૂથને મળ્યો હતો. તેમાંથી એક વ્યક્તિએ ઊભા થઈને કહ્યું, મોદીજી, તમે દુનિયા માટે પ્રધાન મંત્રી હોઈ શકો છો.

પરંતુ અમારી માટે પ્રધાનમંત્રીનો અર્થ 'શ્રેષ્ઠ મિત્ર' થાય છે. મને તમારા પર ખૂબ વિશ્વાસ છે. આ વિશ્વાસ જ વિકાસશીલ ભારતના યુવા નેતાઓના સંવાદને આગળ ધપાવે છે. મારું માનવું છે કે ભારતના યુવાનોની શક્તિથી, ભારત ટૂંક સમયમાં એક વિકસિત રાષ્ટ્ર બનશે.

આ પૂર્વે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે ભારત મંડપમ પહોંચ્યા હતા. અહીં તેઓ 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ના સહભાગીઓને મળ્યા. આ કાર્યક્રમનું આયોજન રાજકીય જોડાણ વગરના એક લાખ યુવાનોને રાજકારણમાં લાવવાના તેમના પ્રયાસોના ભાગ રૂપે કરવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમ સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે આવતા રાષ્ટ્રીય યુવા દિવસ પર આયોજિત કરવામાં આવી રહ્યો છે.

# આંતરરાષ્ટ્રીય સરહદ પર ખાડા ખોદતી બાંગ્લાદેશની આર્મી

## ભારત-બાંગ્લાદેશ વચ્ચે વધુ એક વખત સંઘર્ષના અણસાર



નવી દિલ્હી, તા.૧૨

બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકારના પતન બાદ મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારમાં ભારત અને બાંગ્લાદેશના સબંધો અનેક મુદ્દે ખરાબ થતાં રહ્યા છે. લઘુમતીઓ પર અત્યાચાર, નેતાઓના નિવેદન, સહકાર જેવા મુદ્દાને લઈને ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તણાવની સ્થિતિ છે. સરહદ પર તાર લગાવવાનાને મુદ્દે પણ બંને દેશોની સેના વચ્ચે સંઘર્ષ જોવા મળ્યો હતો. ત્યારે બાંગ્લાદેશની આર્મી આંતરરાષ્ટ્રીય સરહદ પર જ ઘાસ હટાવીને ખાડા ખોદવામાં આવ્યા હોવાનો ખુલાસો થયો છે.

બાંગ્લાદેશ તરફથી ઘણી જગ્યાઓ પર ખાડા ખોદવાની માહિતી મળી છે. બીજીબી સરહદ પર માટીને હટાવીને ઊંડા ખાડાઓ ખોદી રહી છે. આ મુદ્દે બીએસએફની ચિંતા પણ વધી છે. પાછલા દિવસોમાં તીન બીઘા કોરિડોર નજીક ખુલ્લી સરહદ પર તાર લગાવવાના મુદ્દે બંને દેશની સેનાઓ સામસામે આવી ગઈ હતી અને તણાવની સ્થિતિ સર્જાય ગઈ હતી. તણાવની સ્થિતિની વચ્ચે બંને દેશોના સીમા સુરક્ષા દળોએ તાત્કાલિક બેઠક બોલાવી હતી.

સ્થાનિક ટીવી ચેનલના અહેવાલ અનુસાર ઉત્તર બંગાળના સરહદી વિસ્તારમાં બંને દેશોના સરહદ સુરક્ષા દળો વચ્ચે ઉગ્ર અથડામણ જોવા મળી હતી. સરહદના બંને બાજુથી ગ્રામ્ય લોકોની વચ્ચે પણ આ મુદ્દે જ અથડામણ થઈ હતી અને તેની ગંભીરતાને ધ્યાને લઈને બાંગ્લાદેશ આર્મીએ તેના જવાનોની સંખ્યામાં વધારો કરી દીધો હતો. તો બીજી તરફ ઇજાક્ષ દ્વારા પણ વધુ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. તીન બીઘા સરહદ પર બંને દેશની આર્મી પૂર્ણ સક્રિય સ્વરૂપે જોવા મળી રહી છે.

### BSF સાથે બેઠક કરતા બાંગ્લાદેશના આર્મી

સરહદ પર વધેલા સંઘર્ષ બાદ બાંગ્લાદેશ આર્મી દ્વારા ઇજાક્ષના પ્રાદેશિક વડા સાથે બેઠક કરી હતી, જેમાં સરહદ પર શાંતિને પ્રોત્સાહન આપવા તેમજ બંને દળો વચ્ચે પરસ્પર સહયોગ અંગે ચર્ચા થઈ હતી. બાંગ્લાદેશની વિનંતી પર ભારતે તાર બનાવવાની યોજનાને બંધ કરવા પર સહમતિ સાધવામાં આવી હતી. યુનુસ સરકારે આજે જ હિંદુઓ પરના હુમલાઓ મુદ્દે રાજકારણ પર કળશ ઢોળ્યા પછી હવે સરહદ પરની વધતો સંઘર્ષ મુશ્કેલીનું નિર્માણ કરે તો નવાઈ નહીં.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક માનસ શહીદ (ભાગ ૯)

## વ્યાસપીઠ નાં મતે માતા એ નવ પ્રકારની ભક્તિ અને પિતા એ અષ્ટાંગ યોગ છે



માનસ સહીદની નવમા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ શહીદોનું સ્મરણ કર્યું અને વિરામના દિવસે રાષ્ટ્રની પ્રજા શહીદ સાથે કેવો સંબંધ રાખવો જોઈએ! એનું ચિંતન કરીએ.

સૌપ્રથમ તો સહિત થનાર વીર જવાનો જે વીરગતિને પામ્યા છે એની સાથે આપણો પહેલો સંબંધ એ મા ભોમ ના દીકરા નો છે. બીજો સંબંધ તે આપણા સૌના રક્ષણહાર છે માટે એ આપણા બાપ છે, ઉંમરની રીતે કદાચ પુત્ર જેવડા હોય તો પણ એ બાપ છે. રામચરિત માનસમાં જટાયુ અને દશરથ મિત્રના નાતે જોડાયેલા છે એટલે રામજીએ તેને બાપ કહ્યા પણ અમુક મનુષ્ય એમ માને છે કે એ ચાચા પણ છે. ચોથો સંબંધ વીર જવાનો સાથેનો રાષ્ટ્રની જનતાનો સંબંધ મૈત્રીનો પણ હોય છે, કાગભુષંડીજી કહે છે.

ગીધ મઈત્રી પુનિ તેહિં ગાઈ,
અથવા તો પ્રીતિનો સંબંધ પણ રાખી શકાય,
ગીધરાજ સૈં ભેટ ભઇ બહુ બિધિ પ્રીતિ બઢાઈ,
ગોદાવરી નિકટ પ્રભુ રહે પરન ગૃહ છાઈ.

મૈત્રી પ્રીતિ પુત્ર પિતા અથવા તો એક વડીલ ના રૂપમાં ચાચા આવા પાંચ સંબંધો રાષ્ટ્ર આપણા જવાન માટે રાખી શકે. પણ ભગવાન રામે તો જટાયુ માટે બાપ શબ્દનો પ્રયોગ કર્યો છે.

સીતા હરન તાત જની કહહુ પિતા સન જાઈ,

હે પિતા તમે સીતાનો હરણ થયું, એ મારા પિતાને ત્યાં (સ્વર્ગ) કહેશો નહીં, એટલે કે સીતાનું અપહરણ થયું અને એમાં હું કુરબાન થયો. રાવણનાં આખા કુળનો નાશ થશે, ત્યારે એ ત્યાં જઈ કહેશે કે તમારી પુત્રવધુનું અપહરણ કર્યું એનું આ ફળ અમને મળ્યું. આ ક્ષત્રિયનો વટ છે, કે રાવણનું કુળ કહેશે કે અમારી ભૂલનું આ પરિણામ આવ્યું છે.

ઉપનિષદમાં ચાર વસ્તુઓ કહી સ્વાધ્યાયનાં પ્રણેતા પરમ પૂજ્ય પાંડુરંગ દાદાને યાદ કર્યા.

માતૃદેવો ભવ પિતૃદેવો ભવ આચાર્ય દેવો ભવ અતિથિ દેવો ભવ. ઉપનિષદના સૂત્રો આપણે સૌ જાણીએ છીએ. પણ આપણે આધ્યાત્મિક ચર્ચા કરતા હોઈએ તો માતૃદેવો ભવમાં માતા કોણ!ઃ આપણી જન્મ દેનારી માતા તો છે જ, પણ વ્યાસપીઠને એવું લાગે છે કે માતૃદેવો ભવ એટલે નવ પ્રકારની ભક્તિ એ આપણી મા છે, એ આપણું પહેલું સૂત્ર માતૃદેવો ભવ છે. આ ઉપરાંત આપણી જન્મભૂમિ એ પણ માતા અને સ્વર્ગથી પણ અધિક મૂલ્યવાન છે.

પહેલી વખતે એટલે સાદો પુરૂષનો સંગ, સત્સંગ થતો હોય કથા થતી હોય ત્યાં જવું, એ બીજી ભક્તિ. ત્રીજી ભક્તિ ગુરૂની સેવા અભિમાન છોડીને આપણાથી થાય એટલી સેવા કરવી ગુરુ આગના પ્રમાણે વર્તવું એ મોટામાં મોટી સેવા છે. ચોથી ભક્તિ કપટ દંભ છોડી ઈષ્ટદેવનું નામ સ્મરણ કે ગુણગાન ગાવા. પાંચમી ભક્તિ અરીસમરણ ભરોસો રાખીને ભગવાનનું નામ લેવું. છઠ્ઠી ભક્તિ સંયમનિયમ પાળવા, ત્યાગવાની વૃત્તિ રાખવી. સાતમી ભક્તિ બધામાં સારું જોવું કોઈની ભૂલો ન કાઢવી પોઝિટિવ દર્શન. આઠમી ભક્તિ એટલે આખા વર્ષમાં પુરૂષાર્થ કરી પ્રમાણિતપણે જે મળે એનો સંતોષ કરવો. હરિએ લાયકાત કરતાં વધુ આપ્યું એવું માનવું. નવમી ભક્તિ સરળ જીવન, સાદુ જીવન સાદું ભોજન, સાદો વ્યવહાર, કોઈને નડવું નહીં બહુ મોંઘા ન બનવું.

બીજું સૂત્ર પિતૃદેવો ભવ પિતાને દેવ ગણો અહીં જટાયુ ને આપણે પિતા કહ્યા. બાપના આઠ લક્ષણ છે એને મારી વ્યાસપીઠ અષ્ટાંગયોગ કહે છે. તલગાજરડામાં ખૂણાએ બહુ મદદ કરી, આમ પણ દાદા હંમેશા તબલો મેળવી દેતા એ અહોભાવ લઉં. પિતાના બે ચરણમાંથી એક ચરણ આપણા માટે ગતિ કરે એટલે કે વેપાર કરે ખેતી કરે, જ્યારે બીજું ચરણ આપણું આશરે સ્થાન હોય એના પગમાં બેસીએ એટલે નિશ્ચિંત. બાપના બે હાથ એક શિક્ષણ અને બીજું રક્ષણ બાપ આપણને ભણાવે શિક્ષણ અપાવે અને એક હાથથી એ રક્ષણ કરે આપણે એની આંગળી પકડીને મેળો માણતા હોઈએ. પિતાની બે આંખો એક થોડી કઠોર અને બીજીમાં એટલું જ વાત્સલ્ય. બાપની આંખ લાલ થાય તો છોકરાઓ નારાજ ન થવું એની બીજી આંખ સામે જોવું એ થોડી જ મિનિટોમાં ભીનાસ આવતી દેખાશે એક આંખ કઠોર છે, તો બીજીમાં કરૂણા ભરી છે એ બાપ છે. એની જીભમાં મીઠાશ ભરે છે આપણો બાપ માથા પર હાથ ફેરવીને કહે દીકરા તે જમી લીધું એની જીભમાં અમૃત છે! એનું વ્હાલ છે. ઋષિ સ્વરૂપે પ્રહલાદ ને એવો બાપ મળ્યો કે જેણે સાવજ ના રૂપમાં જીભ કાઢી અને પ્રહલાદ ને ખોળામાં લઈ ચાટવા લાગ્યા હદયાની જીભ છે શ્રીમદ ભાગવત ઋષિ પ્રહલાદની માફી માંગે છે, કે તે મને પોકાર્યો અને મને આવતા થોડું મોડું થયું તો મને માફ કરજે હરી અહીં માફી માંગી છે. જીભમાં એકેય હાડકું હોતું નથી એટલે કોમર્સ કોમળ એ સાતમું અંગ પિતાનું જીભ છે. આઠમું અંગ પિતાનું હૈયું જેના હૈયામાં પોતાના સંતાનો માટે હેત ભર્યું હોય આખા હૈયામાં ઓપરેશન કરાવો તો ભલે નશો બંધ થઈ ગયો હોય પણ હેત ક્યારેય બંધ ન થયું હોય વાલકનું બ્લડ કોઈ દી ઘટે નહી આ અષ્ટાંગિયોગ એ મારી દ્રષ્ટિએ પિતૃદેવો ભવ છે.

આચાર્ય દેવો ભવ, જ્ઞાનનાં સાત સોપાન હોય, આચાર્ય વિદ્વાન હોય, વિવેકી હોય, આચાર વાન હોય, જ્ઞાનવાન હોય, વ્રત ધારી એટલે સંયમી હોય તેજસ્વી હોય, અને કૃપાળુ હોય.

અતિથિ દેવો ભવ. અતિથિ ના છ લક્ષણ, યજમાન પર બોજ ન બને, આપણાં ઘરેથી જાય ત્યારે ઘરનો ખૂણેખૂણો આનંદથી ભરી દે. જેમ હું આવ્યો એમ તમે પણ આવજો એવું પ્રેમથી નોતરું આપે, જે ભીક્ષામા એટલે કે ભોજનમાં મળે એ પ્રેમથી જમી લે. ખાલી હાથે ન આવે. આપણા ઘરનું અન્ન ખાઈને ભજનથી ભરેલું મન આપતાં જાય.

આમ માતૃદેવો ભવ નાં ૯, પિતૃદેવો ભવ ના ૮, આચાર્ય દેવો ભવના ૭ અને અતિથિ દેવો ભવ ના છ. એમ ઉતરતા ક્રમમાં 30 અને પાંચમુ વ્યાસપીઠ જોડે છે પ્રેમ દેવો ભવ,એ નારદના ભક્તિ સૂત્ર મુજબ છે, પણ ઉતરતા ક્રમમાં જવું હોય તો પાંચ લક્ષણ.

ગુણરહિતં કામનારહિતં અવિચ્છિન્ન સુક્ષ્મતરં અનુભવરુપં પ્રતિક્ષણ વર્ધમાન. પ્રેમના પાંચ લક્ષણ, વળતર ના માંગે એનું નામ પ્રેમ સપનામાં પણ જેને કપટ ન સુજે એનું નામ પ્રેમ. બીજું ટ્રાન્સપરન્સી, આરપારતા વ્યાસપીઠની દ્રષ્ટિએ પ્રેમનું બીજું લક્ષણ. ત્રીજું સામેવાળો ગમે એવી ભૂલ કરે પણ તરત જ હૃદયથી ક્ષમા કરી દે એ બદલો લેવાની વૃતિ ન રાખે. ચોથું પ્રેમ તો અનંત છે, એનો આકાર નથી હોતો, એને પકડી ન શકાય, એને મહેસુસ કરી શકાય, એ મંદ શીતલ સુગંધ છે. પાંચમું નારદ ભક્તિ સૂત્ર મુજબ પ્રતિક્ષણ વર્ધમાન. પ્રેમ પોતાના પક્ષે સમાધાન લે કે બીજાનો કોઈ વાંક નથી મારી નિયતી હશે.

શહીદ ને કેન્દ્રમાં રાખીને ચાલતી આ રામ કથા આજે વિરામ તરફ આગળ વધી રહી છે ત્યારે કથાના ક્રમમાં અયોધ્યા કાંડમાં અતિશય સુખ આવ્યું, પછી રામ વનવાસ નું દુઃખ આવ્યું. અરણ્ય કાંડ માયા નો કાંડ છે, ભગવાન યાત્રા કરે છે, અને ભગવાન પંચવટીમાં પધારે છે. રાવણ સીતાનું હરણ કરે છે અને ભગવાન માનવ લીલા કરતાં કરતાં નીકળ્યા જટાયુ મળ્યો, એક શહીદ મળ્યો. સુંદરકાંડમાં હનુમાનજી પર્વતાકાર થયાં અને લંકા જઈ વિભિષણ ને મળ્યાં સીતાજીની ભાળ મેળવી પાછા ફર્યા. લંકા કાંડમાં રામ રાવણનું ભીષણ યુદ્ધ થયું અને રામનો વિજય, વિભિષણનો રાજ્યાભિષેક, અને ૧૪ વર્ષના વનવાસ બાદ અયોધ્યા પાછા ફર્યા. રામ રાજ્યાભિષેક થયો. ઉત્તર કાંડમાં ગરુડ ના સાત પ્રશ્નો થકી કાગ ભૂષંડી ચરિત્રનો મહિમા ગાયો, અને નવમા દિવસની કથાને દેશની અખંડિતા માટે જેણે શહીદી વ્હોરી છે એને સમર્પિત કરી કથાને વિરામ આપ્યો.

સંકલન. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# HMPVના પંદર પૈકીના પાંચ કેસ ગુજરાતમાં

## બિનજરૂરી રીતે આંખ, નાક કે મોઢાને સ્પર્શન ન કરવા સતર્કતા દાખવવી જરૂરી




અમદાવાદ, તા.૧૨

કોરોનાની જેમ જ એચએમપીવી વાયરસે ઉપાડો લીધો છે. રોજ કોઈને કોઈ વિસ્તાર કે રાજ્યમાં આ વાયરસનો પગપેસારો થતો હોવાની વિગતો સામે આવી રહી છે. બીજીબાજુ હાલ દેશભરમાં નોંધાયેલા ૧૫ કેસમાંથી ૩૩.૩૩ ટકા એટલેકે ૫ કેસ ગુજરાતમાંથી બહાર આવ્યા હોવાથી સંબંધિત આરોગ્ય તંત્ર હરકતમાં આવી ગયું છે.

ગુજરાતમાં જયારે આ વાઈરસની એન્ટ્રી થઈ ત્યારે એવું કહેવાતું હતું કે માત્ર નાના બાળકોને જ નિશાન બનવા છે પણ છેલ્લા પાંચ દિવસમાં જે રીતે એક બાદ એક કેસ આવી રહ્યા છે અને તેમાં પણ આધેડના રિપોર્ટ પોઝિટિવ આવતાં ચિંતાનો માહોલ ઉભો થયો છે. ગુજરાતમાં ૬ જાન્યુઆરીએ સૌથી પહેલા રાજસ્થાનના ડુંગરપુરમાં રહેતું બાળક સારવાર માટે આવ્યું ત્યારે તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી રોજ એક-એક કેસ નોંધાઈ રહ્યા છે. નાના બાળકોમાં સૌથી મોટા લક્ષણોમાં ખાંસી અને શરદીની સાથે સાથે શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, પણ તપાસમાં તેમની કોઈ વિદેશ કે અન્ય ટ્રાવેલ હિસ્ટ્રી ન હોવાનું સામે આવ્યું છે. તેથી આ વાઇરસ કેવી રીતે ગુજરાતના વિવિધ જિલ્લામાં ફેલાઇ રહ્યો છે તે તપાસનો વિષય બન્યો છે.

અત્યાર સુધીમાં ભારતમાં ગુજરાતમાં ૫, મહારાષ્ટ્રમાં ૩, કર્ણાટકમાં ૨, તમિલનાડુમાં ૨ તથા રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશમાં ૧-૧ મળી કુલ ૧૫ કેસ નોંધાયા છે.

ગુજરાતમાં પ્રથમ કેસ ૬ જાન્યુઆરી, ૨ મહિનાનું બાળક, બીજો કેસ ૯ જાન્યુઆરી, ૮ વર્ષનું બાળક, ત્રીજો કેસ ૯ જાન્યુઆરી, ૮૦ વર્ષના વૃદ્ધ, ચોથો કેસ ૧૦ જાન્યુઆરી, ૯ મહિનાનું બાળક, પાંચમો કેસ ૧૧ જાન્યુઆરી, ૫૯ વર્ષના આધેડનો નોંધાયો છે.

એચમપીવીના સંક્રમણથી બચવા શું કરશો

ઉધરસ અથવા છીંક આવે ત્યારે મોઢું અને નાકને રૂમલા અથવા ટીસ્યુથી ઢાંકવું. નિયમિત રીતે હાથ સાબુ અને પાણીથી ધોવા કે સેનિટાઇઝરનો ઉપયોગ કરવો. ભીડભાડવાળા સ્થળેથી દૂર રહેવું અને ફ્લૂથી પીડિત વ્યક્તિઓથી ઓછામાં ઓછું એક હાથનું અંતર રાખવું. તાવ, ઉધરસ કે છીંક આવે તો જાહેર સ્થળો પર જવાનું ટાળો. વધુ પાણી પીવો અને પૌષ્ટિક ખોરાક ખાવ રોગપ્રતિકારક શકિત માટે પૂરતી ઉંઘ લેવી. બીમારીઓ ફેલાતી અટકાવવા માટે યોગ્ય વેન્ટિલેશન ધરાવતાં વાતાવરણમાં રહેવું. શ્વાસને લગતાં લક્ષણો જણાય તો ઘરમાં જ રહેવું. બીજાઓ સાથે સંપર્ક મર્યાદીત કરવો અને તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો જરૂરી.

**શું ન કરવું જોઈએ**

બિનજરૂરી રીતે આંખ, નાક કે મોઢાને સ્પર્શન કરવો નહીં. ચેપગ્રસ્ત વ્યક્તિએ વ્યક્તિગત ચીજવસ્તુઓ જેમ કે ટુવાલ, રૂમાલ અથવા અન્ય વાસણો બીજા વ્યક્તિના સંપર્કમાં કે ઉપયોગમાં ન આવે તેનું ધ્યાન રાખવું. જાતે દવા લેવાનું ટાળવું. લક્ષણોમાં વધારો દેખાય તો આરોગ્ય કર્મચારીનો સંપર્ક કરવો.

# સ્વાવલંબી ભારત અભિયાનો પ્રારંભ, ડીજીટલ હસ્તાક્ષર દ્વારા જોડવા અનુરોધ

## યુવાનોને સ્વરોજગાર શરુ કરાવવાનો ભગીરથ પ્રયાસ




રાજકોટ, તા.૧૨

સ્વદેશી જાગરણ મંચ સ્વાવલંબી ભારત અભિયાન સમગ્ર રાષ્ટ્રમાં સ્વદેશી ભાવ જાગરણ તથા યુવાનોને સ્વરોજગાર તરફ લાવવા માટે અભિયાન ચાલે છે. રોજગારી ની તક મળે, યુવાનોને માર્ગદર્શન મળે તથા દેશ આત્મનિર્ભર બને તે માટે આ અભિયાન છેલ્લા ત્રણ વર્ષ થયા ચાલી રહ્યું છે. તા.૧૨ જાન્યુઆરીથી દેશભરમાં ડિજિટલ હસ્તાક્ષર અભિયાન શરૂ થયેલ છે. જેમાં રાષ્ટ્રના તમામ નાગરિકના હસ્તાક્ષર લઈ ઉદ્યમિતા યોગ શરૂ થાય તેની માંગ સાથે એ અભિયાન શરૂ કરેલ છે. સ્વદેશી એ દેશનો પ્રાણ છે. તે બાબત જનજાગૃતિનું આ અભિયાન પણ છે. તેમજ દેશનું યુવા ધન માત્ર સરકારી નોકરી તરફ આશા રાખીને બેસી ન રહે પરંતુ પોતાનો સ્વરોજગાર શરૂ કરે તે માટેનો આ ભગીરથ પ્રયત્ન છે.

આજે સ્વામી વિવેકાનંદ જયંતિ પર રાજકોટમાં સ્વાવલંબી ભારત અભિયાનની શરૂઆત રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટના પ્રથમ નાગરિક મેયર નયનાબેન પેઢડીયાએ ડિજિટલ અક્ષર કરીને અભિયાનને સફળતા માટે શુભેચ્છા પાઠવેલ છે. આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડેપ્યુટીક મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડક મનીષભાઈ રાડીયા, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર સુમેરા, શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, પૂર્વ કોર્પોરેટર જયંતીભાઈ સરધારા ઉપસ્થિત રહેલ. આ કાર્યક્રમમાં સ્વદેશી જાગરણ મંચના પશ્ચિમ ક્ષેત્ર સંયોજક રમેશભાઈ દવે, પ્રાંત કોષાધ્યક્ષ અને રાજકોટ મહાનગર સંયોજક વિનોદભાઈ પેઢડીયા, રાજકોટ વિભાગ સંપર્ક પ્રમુખ તપનભાઈ લાડાણી તથા અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા. આ તકે વિનોદભાઈ પેઢડીયાએ સમાજના તમામ ભાઈઓ બહેનોને આ અભિયાનમાં ડિજિટલ હસ્તાક્ષર કરી સફળ બનાવવા માટે અનુરોધ કરેલ છે.

# નનામો લેટર વાયરલ કરવાનો ફેલાયો રોગ



**રાજકોટમાં પતંગોત્સવ ટાણે અમરેલીની ઘટના અંગે રૂપાલાએ કહ્યું, પોલીસથી ઉતાવળ થઇ ગઈ !**

રાજકોટ તા.૧૨

અમરેલી લેટર કાંડ મુદ્દે રાજકોટના સાંસદ પરસોત્તમ રૂપાલનું મોટું નિવેદન સામે આવ્યું છે. રાજકોટમાં પતંગોત્સવના ઉદઘાટન બાદ તેમણે કહ્યું, પોલીસે સમગ્ર ઘટનામાં ઘણી ઉતાવળ કરી છે. એસપી દ્વારા કમિટી બનાવવામાં આવી છે, તે યોગ્ય કાર્યવાહી કરશે તેવી આશા છે. કોંગ્રેસ આ સમગ્ર ઘટનાને અલગ જ દિશામાં લઈ જઈ રહી છે. હાલ નનામો લેટર વાઈરલ કરવાનો રોગ ફેલાયો છે.

આ ઉપરાંત રૂપાલાએ કહ્યું, જે થયું તે યોગ્ય નથી અને આવું ન થવું જોઈએ. પોલીસે ઉતાવળ કરી સરઘસ કાઢ્યું તે ન થવું જોઈએ, અમરેલીની પાટીદાર યુવતીના વિવાદ મુદ્દે કોંગ્રેસ નેતા દ્વારા ધરવામાં આવેલા ધરણાને તેમણે વખોડી કાઢ્યા હતા. જે બાદ કહ્યું, હાલ નનામો લેટર વાઇરલ કરવાનો રોગ ફેલાયો છે, જેની જાણ બધાને છે. પોલીસ યોગ્ય કાર્યવાહી કરશે તેવી આશા છે.

અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઇરલ કરવામાં આવ્યો હતો. આ મામલે કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી અને કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલને પત્ર લખીને ઘટના અંગે જાણકારી આપી હતી. નકલી લેટરપેડ કાંડમાં ધારાસભ્ય કૌશિક વેકરીયા પર ગંભીર આરોપો મૂકાયા હોવાથી વેકરીયાના સમર્થકો ગાંધીનગર સુધી પહોંચ્યા હતા. સમગ્ર મામલો જિલ્લા પોલીસ વડા સુધી પહોંચતા લોકલ ક્રાઇમ બ્રાન્ચ, સાયબર ક્રાઇમ સહિતની પોલીસની ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

જેમાં પોલીસ દ્વારા ધારાસભ્યને બદનામ કરવાનું કાવતરું ઘડનારા ભાજપના પૂર્વ હોદ્દેદાર સહિત ચાર કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે લેટર કાંડમાં ધરપકડ કરાયેલી અને ટાઇપિસ્ટનું કામ કરતી પાટીદારની યુવતી પાયલ ગોટીનું સરઘસ કાઢ્યું હતું, જેનો ભારે વિરોધ થયો હતો. જે બાદ ત્રીજી જાન્યુઆરીએ આ પાટીદાર યુવતીની જામીન અરજીને લઈને સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં કોર્ટે યુવતીના જામીન મંજૂર કર્યા હતા. સેશન્સ કોર્ટે ૧૫ હજારના બોન્ડ પર પાયલ ગોટીને રેગ્યુલર જામીન આપ્યા હતા. જે બાદ કોંગ્રેસ દ્વારા પાટીદાર દીકરીના વરઘોડાને લઈ વિરોધ શરૂ કરવામાં આવ્યો હતો.

# ચાઈનીઝ દોરી-તુક્કલના વેચાણની ૨૩૦૦થી વધુ ફરિયાદો



**હાઈ કોર્ટમાં બે વર્ષનો રીપોર્ટ રજુ કરતી રાજ્ય સરકાર**

અમદાવાદ, તા.૧૨

સમગ્ર રાજ્યમાં ચાઈનીઝ દોરી, ગ્લાસકોટેડ નાયલોન દોરી તેમજ ચાઈનીઝ તુક્કલ પર પ્રતિબંધ હોવા છતાં તેનું ખુલ્લેઆમ વેંચાણ થઈ રહ્યું છે. ઉત્તરાયણમાં પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરી, ગ્લાસકોટેડ નાયલોન દોરી તેમજ ચાઈનીઝ તુક્કલના ઉપયોગ પર હાઇકોર્ટ અને પોલીસ ઓથોરીટી દ્વારા પ્રતિબંધ મુકાયો છે.

આમછતાં તેનાં ખુલ્લેઆમ વેચાણને મુદ્દે હાઈકોર્ટમાં કરવામાં આવેલી અરજી પર રાજ્ય સરકારે કોર્ટમાં રિપોર્ટ રજૂ કર્યો હતો. જેમાં સરકારે કહ્યું કે, ચાઈનીઝ, નાયલોન કે ઘાતક દોરીઓના વેચાણ કે ઉપયોગ અને ઉત્પાદન સંબંધી કિસ્સાઓમાં છેલ્લા બે વર્ષમાં રાજયભરમાં કુલ ૨૩૦૩થી વધુ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

સરકારે હાઈકોર્ટમાં રજૂ કરેલા રિપોર્ટમાં કહ્યું હતું કે, ઉત્તરાયણ પર્વ પર પશુ પક્ષીઓ અને નાગરિકોની સલામતી માટે પોલીસ દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાઈકોર્ટમાં થયેલી અરજીમાં રાજયના ગૃહવિભાગ તરફથી આંકડાકીય માહિતી સાથેનો એકશન ટેકન રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

હાઈકોર્ટે અગાઉ ચારેય મહાનગરોના પોલીસ કમિશ્નરો પાસે અત્યાર સુધી શું કામગીરી કરી અને કયા પ્રકારના પગલાં લેવાયા તેનો વિગતવાર રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો હતો. જે અંતર્ગત રાજય સરકારના ગૃહ વિભાગ તરફથી વિગતવાર સોંગદનામું રજૂ કરી આંકડાકીય માહિતી સાથેનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

સરકારે રિપોર્ટમાં જણાવ્યું કે, ચાઈનીઝ, નાયલોન કે પ્લાસ્ટીક કોટેડ દોરીઓના ઉત્પાદન, વેચાણ કે ઉપયોગ સંબંધી ગુનાઓને લઇ તા.૧-૧-૨૦૨૩થી તા.૧૫-૧-૨૦૨૪ દરમ્યાન અમદાવાદ સહિત રાજયભરમાં કુલ ૨૧૫૫ અને તા.૧૬-૧-૨૦૨૪થી તા.૩૧-૧૨-૨૦૨૪ સુધી કુલ ૧૪૮ ફરિયાદો મળી બે વર્ષમાં કુલ ૨૩૦૩ ફરિયાદો નોંધવામાં આવી છે.

સૌથી વધુ ફરિયાદો અમદાવાદમાં જેમાં સૌથી વધુ ૪૫૧થી વધુ ફરિયાદો તો એકલા અમદાવાદમાં જ નોંધાઇ છે. જેની સામે તા.૧-૧-૨૦૨૩થી તા.૧૫-૧-૨૦૨૪ દરમ્યાન ૧૮૮૨ આરોપીઓ અને તા.૧૬-૧-૨૦૨૪થી તા.૩૧-૧૨-૨૦૨૪ દરમ્યાન ૨૪૩ આરોપીઓની ધરપકડ સાથે કુલ ૨૧૨૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં અમદાવાદમાંથી જ ૩૭૧થી વધુ આરોપીઓ પકડાયા છે.



# ઉંધીયુ -દહીવડાની આવકનો અડધો હિસ્સો વપરાશે પક્ષીઓની સારવારમાં

રાજકોટ તા.૧૨

મકરસંક્રાંતિ નિમિત્તે વેચાણ કરી પ્રાપ્ત થતી રકમ બર્ડ રેસ્ક્યુ સારવાર અર્થે દાનમાં વાપરવામાં આવે છે. આજે દિવસે દિવસે આધુનિક યુગની દોડમાં શુદ્ધ અને સાત્વિક દેશી ચૂલા ઉપર બનાવેલ પ્રાકૃતિક શાકભાજી અને મસાલાથી બનેલ જૈન તેમજ રેગ્યુલર ઊંધિયું તથા દહીવડા મેળવવા ખૂબ જ મુશ્કેલ હોય છે.

તો આવા સમયે લોકોના આરોગ્ય સાથે કોઇ પણ બાંધછોડ ન થાય તેવા હેતુથી તત્વ નેચરોપેથી ફાઉન્ડેશન દ્વારા ઊંધિયું- દહીંવડા બનાવવાનું આયોજન થયેલ છે. જેનાથી થતી આવકના ૫૦% રકમ જીવ દયાના હેતુથી બર્ડ્સ રેસ્ક્યુ સારવાર અર્થે દાન સ્વરૂપે આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં કર્મયોગ એકેડેમી, રેડિયો રાજકોટ, રેડિયો એન્ડ મીડિયા મિત્ર, ગીરગંગા પરિવાર ટ્રસ્ટ, પ્રાકૃતિક ઉર્જા ફાઉન્ડેશન, વિશ્વધરા પ્રાકૃતિક કૃષિ ફાઉન્ડેશન વગેરે સંસ્થાઓ અને ડોક્ટર રસીલાબેન પટેલ, બીપીન પટેલ, પ્રકૃતિપ્રેમી દિનેશભાઈ પટેલ, ડોક્ટર વૈભવી વેદ ડોક્ટર નિરૂપા વૈદ્ય, સુનિલભાઈ સાંગાણી (એનવીટ્રો લેબ) જીજ્ઞાબેન ઠક્કર (નેચરોપેથ સમાજ સેવિકા), જેવા લોકો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવશે.

સર્વ લોકોએ પોતાનો ઓર્ડર બુક કરાવવા માટે તત્વ નેચરોપેથી ફાઉન્ડેશન નાલંદા માર્ગ નં.-૩, કોટેચા ચોક, કાલાવડ રોડ, મોબાઈલ નંબર ૯૯૧૩૧ ૩૪૫૨૨ ઉપર તા. ૧૩ /૧/૨૫ ના બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધીમાં એડવાન્સ બુકિંગ મેળવી લેવા અને તા. ૧૪ /૧/૨૫ ઉતરાયણના દિવસે બપોરના ૧૧-૦૦થી ૦૩-૦૦ સુધીમાં મેળવી લેવા અનુરોધ કરાયો છે.

# રાજ્યની ૭૦થી વધુ પાલિકા વિજબીલ ચુકવવામાં ઉતરી ઉણી

## ૫૦૦ કરોડથી વધુ વીજબિલ બાકી હોવાનું સ્વીકારતું શહેરી વિકાસ તંત્ર



ગાંધીનગર, તા.૧૨

શહેરી સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલી પાંખ, જન પ્રતિનિધિઓ તેનો વહીવટ કરવા કઈ હદે નિષ્ફળ ગયા છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો હતો. પાલિકાઓમાં વોટવ વર્ક્સ અને સ્ટ્રીટ લાઇટનું બિલ ભરપાઇ ન થતાં આણંદ જિલ્લાની બોરસદ નગરપાલિકાનું વીજ કનેકશન કાપી નાંખવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં આવી જ સ્થિતિ અન્ય પાલિકામાં ઉદ્ભવે તો નવાઇ નહીં. રાજ્યમાં ૭૦થી વધારે પાલિકાઓનું બાકી વીજબિલ ૫૦૦ કરોડને પાર થઈ ગયું છે.શહેરી વિકાસ વિભાગના આંતરિક અહેવાલ અનુસાર, સૌરાષ્ટ્રની મોટાભાગની નગરપાલિકા વોટર વર્ક્સ અને સ્ટ્રીટ લાઇટના વીજબિલ ભરી રહી નથી. પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપની એ માત્ર સૌરાષ્ટ્ર અને કચ્છની પાલિકાઓ પાસેથી ૩૨૩ કરોડથી વધુની રકમ વીજબિલ પેટે બાકી હોવાનું જણાવ્યું છે. નગરપાલિકાઓમાં સોલાર લાઇટના કારણે સ્ટ્રીટ લાઇટનું બિલ ઘટ્યું છે. પરંતુ તેમ છતાં કરોડો રૂપિયાનું વીજબિલ બાકી છે.

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડએ રૂ. ૯૦ કરોડની સહાય કર્યા પછી પણ ૭૦થી વધુ પાલિકાઓનું ૫૦૯.૨૭ કરોડનું વીજબિલ ભરવા સરકારે બજેટમાં જોગવાઈ કરવી પડે તેવી સ્થિતિ છે. જે તે પાલિકામાં સમયસર વીજબિલ નહી ભરવામાં આવે તો તેમની સ્થિતિ પણ બોરસદ જેવી થવાની શક્યતા નકારી શકાતી નથી.

**કઈ કંપનીનું કેટલુ બીલ બાકી**

આધારભૂત વર્તુળોમાંથી મળેલા આંકડામાં ડીજીવીસીએલ, દક્ષિણ ગુજરાત - ૧૧.૬૨ કરોડ, એમજીવીસીએલ, મધ્ય ગુજરાત - ૧૦૫.૪૪ કરોડ, પીજીવીસીએલ, કચ્છ-સૌરાષ્ટ્ર - ૩૨૩.૦૩ કરોડ અને યુજીવીસીએલ, ઉત્તર ગુજરાત - ૬૯.૧૮ કરોડનું બીલ હજુ વણચુકવાયેલું છે.

# સુરતની મહિલાઓને ગૃહમંત્રી હર્ષ સંઘવીની સલાહ

## લત્તામાં પાનની કોઈ પિચકારી મારે તો નીકળો બહાર ધોકો લઈને



સુરત, તા. ૧૨

ગુન્હેગારોનો વરઘોડો કાઢવાનું પોલીસતંત્રને ફરમાન કરનાર રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આજે સુરતની મહિલાઓને પોતાની સોસાયટી કે વિસ્તારો-લત્તામાં કોઈ પાન-માવાની પિચકારી મારે તો ધોકો લઈને બહાર નીકળવાની સલાહ આપી હતી.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે તેમના મત વિસ્તારમાં મહિલાઓ સાથે મુલાકાત કરીને તેમના આશીર્વાદ લઇ સંવાદ કર્યો હતો. તેમણે કહ્યું પુરુષોમાં માવા એટેલે કે મસાલા ખાવાનું વ્યસન વધારે છે. જો કોઇ પુરુષો માવા ખાઇને જાહેરમાં પિચકારી મારે અને સોસાયટી ગંદી કરે તો હાથમાં ધોકા લઇ લો. જેથી પિચકારી મારતા બંધ થઈ જશે.

તેમણે મહિલાઓને એકશનમાં આવવાની સલાહ આપતાં કહ્યું, બહેનો હાથમાં લાકડી લઇને બેસે તો કોણ પિચકારી મારશે? ,બધી બહેનો ભેગી થઈને હાથમાં દંડો લઇને નીચે બસે તો કોઈ ભાઈઓ મોઢામાં મસાલો નહીં નાંખે. તેઓ બિલ્ડિંગની બહાર જ ચૂપચાપ થૂંકીને આવશે. પિચકારી બંધ થશે તો પુરુષો વહેલા ઘર આવતા થશે. બહેનોએ આ કામ હાથમાં લેવું પડશે. માવાની પિચકારીની ગંદકીના કારણે બીમારી પણ ફેલાય છે.

બાળકોમાં મોબાઇલની વધતી લત અંગે હર્ષ સંઘવીએ કહ્યું, મોબાઇલની લતની સમસ્યા દરેક ઘરમાં હશે. નાનું બાળક પણ મોબાઇલ લઇને બેસવાની આદત ધરાવે છે. તમે પૌત્ર-પૌત્રીને કહેતા હશો કે આખો દિવસ મોબાઇલમાં શું છે, તમારે પણ બદલાવાની જરૂર છે. બાળકોને બિલ્ડિંગમાં નીચે રમતના મેદાનમાં લઇ જશો તો તેમનામાં પણ બદલાવ આવશે. રમતના મેદાનમાં લઇ જવાથી મોબાઇલની લત પણ છૂટશે.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ ગુજરાતમાં : યોજશે બેઠકો

## આજે સાંજે અમદાવાદ આવશે, કાલે ગાંધીનગરમાં



અમદાવાદ, તા.૧૨

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ રાજ્યમાં ભાજપ સંગઠનની પુનઃ રચનાની પ્રક્રિયા વચ્ચે ઉતરાયણની ઉજવણી કરવા માટે ગુજરાત આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સોમવારે ૧૩ જાન્યુઆરી સાંજે અમદાવાદ ખાતે આવશે. ૧૪ જાન્યુઆરીના રોજ ગાંધીનગર લોકસભા વિસ્તાર થલતેજ, ન્યુ રાણીપ અને સાબરમતી ખાતે કાર્યકર્તાઓ અને નેતાઓ સાથે ઉતરાયણના તહેવારની ઉજવણી કરશે. તેમજ ઘાટલોડિયાના નવા પોલીસ સ્ટેશનનું પણ ખાતમુહૂર્ત અને આવાસ યોજનાના મકાનોના વિકાસ કાર્યોના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે.

કેન્દ્રીય મંત્રીનો ગુજરાત પ્રવાસ ખૂબ જ મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે. જેમાં હાલ ભાજપ સંગઠનની રચના માટે રાજકીય બેઠકો યોજાઇ તેવી પણ શક્યતા છે. જેમાં હાલ ગુજરાત ભાજપના નવા અધ્યક્ષની પસંદગી પ્રક્રિયા અંગે બેઠક યોજાઇ શકે છે. ગુજરાત ભાજપના હાલના અધ્યક્ષ સી.આર. પાટીલ કેન્દ્રીય મંત્રી બન્યા ત્યારથી નવા અધ્યક્ષની પસંદગી અંગે ચર્ચાઓ ચાલી રહી છે. તેમજ તેની જાહેરાત ઉત્તરાયણ બાદ કરવામાં આવે તેવી પણ શક્યતા છે.

આ ઉપરાંત હાલ ગુજરાતમાં ભાજપ સંગઠનમાં પણ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. જેમાં વોર્ડ પ્રમુખોથી લઈને જિલ્લા અને મહાનગરોમાં પણ પ્રમુખ બદલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. જ્યારે ૩૩ જીલ્લા અને ૮ મહાનગરોમાં નવા પ્રમુખની નિમણુક બાદ પ્રદેશ સંગઠન માળખુ રચવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત પ્રમુખોની વરણી માટે નિયમો ગુજરાત ભાજપ દ્વારા બૂથ કમિટીઓ અને મંડલ પ્રમુખોની જાહેરાત કરવામાં આવી હતી. હવે મહાનગર અને જિલ્લા પ્રમુખોની નિમણૂક કરવામાં આવશે. આ મામલે ૫૦ ટકા કામગીરી પૂર્ણ થયા બાદ પ્રદેશ પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. આ માટે ભાજપે કેટલાક ધારાધોરણ નક્કી કર્યા છે. ઈચ્છુક દાવેદાર ફોર્મ ભરે તે બાદ ફોર્મની ચકાસણી કરવામાં આવશે. તેના બાદ નિરીક્ષકો દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાશે.

# રાજકોટના ખ્યાતનામ જ્યોતિષી બીપીનદાદાની ચીર વિદાય

## મારી પાસે કોઈ જાદુ નથી, તમે જ પૂજા-વિધિ કરી તમારું કલ્યાણ કરો તેવું કહેનાર ગાયત્રી માતાજીના પ્રખર ઉપાશક નરેન્દ્રભાઈ (બીપીનદાદા)એ અનેકના દુઃખ હાર્યા, અનુયાયીઓ શોકમાં ગરક

રાજકોટ મિરર, તા.૧૨

રાજકોટ શહેરમાં વર્ષોથી ગાયત્રીમાતાજીના ઉપાશક અને જ્યોતિષી તરીકે જાણીતા બનેલા નરેન્દ્રભાઈ કાશીનાથભાઈ પંડ્યા(ઉ.વ.૭૬)ની આજે અવસાન થતા તેમના અનુયાયી વર્ગે આઘાત–દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. આજે તેમની નીકળેલી સ્મશાન યાત્રામાં રાજકીય, બિનરાજકીય, સામાજિક, ધાર્મિક અનુયાયીઓ બહોળી સંખ્યામાં જોડાઈને સદગતને અશ્રુભીની શ્રધાંજલિ અર્પી હતી.



અન્યુયાયીઓએ ભીની આંખે રાજકોટ મિરરને જણાવ્યું હતું કે, સેંકડો લોકોના દુઃખ હળવા કરનાર બીપીન દાદાએ જીવનપર્યંત હું પદથી દૂર રહ્યા હતા, મતલબ કે તેઓ પોતે કઈ જાણતા નથી કે તેઓ પાસે કોઈ જાદુ નથી, બસ ઉચિત ધાર્મિક પૂજા વિધિ બતાવીને પ્રત્યેક વ્યક્તિ પોતે પોતાનું કલ્યાણ કરે તેવી ભાવના સાથે જીવન જીવી ગયા તે અનુયાયીઓ માટે ભૂલવું અસહ્ય બની ગયું છે.

સાંપ્રત સમયમાં ખોટી ધાર્મિક વિદ્યાઓ, દોરા–ધાગાના બહાને લુંટતા પાંખડી બાબાઓથી તદ્દન ઉલટી ધાર્મિક પરાયણતા બતાવીને બીપીનદાદાએ અચાનક વિદાય લીધી તે માનવા અનુયાયીઓ તૈયાર નથી, પણ શું થાય ? ઈશ્વર ઈચ્છા બળવાન સમજીને પરિવારજનો અને અનુયાયીઓએ બીપીનાદાદાને શ્રદ્ધાસુમન કર્યા હતા.

### દેશ વિદેશમાં વસે છે બીપીન દાદાના અનુયાયીઓ

પંડ્યા પરિવારજનોએ રાજકોટ મિરરને એવું પણ જણાવ્યું હતું કે, બીપીન દાદાના દેશ–વિદેશમાં અનુયાયીઓ વસે છે. તેઓને જીવનમાં કોઈ પણ તકલીફ થાય એટલે બીપીનદાદાને યાદ કરે છે. અને આશીર્વાદ લેવા રાજકોટમાં પહોચી જતા. રાજકીય મહાનુભાવો, ફિલ્મી જગતના મોટા દિગ્ગજો દાદાના દર્શન, આશીર્વાદ મેળવવા નિયમિત આવતા હતા. એક પણ પૈસો લીધા વગર સૌની તકલીફ દૂર કરાવવામાં મહેનત કરતા હતા.

### જખરાપીર દાદાની જગ્યામાં પણ સેવાકીય કાર્યોમાં દાદા જોડાતા

હિંદુ–મુસ્લિમની એકતાના દર્શન માટે દાદા સમયાંતરે જખરા પીરની જાગ્યામાં સમૂહ લગ્ન સહિતના મોટાભાગના ધાર્મિક આયોજનોમાં પોતાનાથી બનતી સેવા આપતા હતા. જીવનશાપીરના પણ દાદા પર હાથ હતા. તેઓ પરિવારમાં પણ રહીને સંતના દર્શન કરાવી ગયા છે. જ્ઞાતિ–જાતિના ભેદભાવ વગર પોતાના ખર્ચે પણ અનેકની તકલીફો દુર કરાવી છે. આજે પૂજ્ય બીપીન દાદાના લાખો લોકોને અચાનક દાદાની કદી ન પુરાય તેવી ખોટ પડી હોવાનું પંડ્યા પરિવારે જણાવ્યું હતું.

### પાણીમાં ઉભા રહેવાની દાદાની ગજબની કુનેહ

૧૯૯૩–૯૪ના અખબારી સમાચારો પણ નજર કરીએ તો તે સમયે બીપીન દાદાની એક ગજબની કુનેહ બહાર આવી હતી કે દાદા ૧૦ ફૂટ પાણીમાં માત્ર ડોક બહાર રાખી ઉભા રહી શકતા, સુઈ સકતા.તેઓની આ અચરજપમાડતી શક્તિ ગીનીસ બૂક ઓફ રેકોર્ડ સુધી કહેવાય છે કે પહોચી હતી.



બીપીનદાદાના પરિવારજનો પાસેથી વધુ વિગતો મળી હતી કે દાદા નાનપણથી જ ધર્મપારાયણતાયુક્ત જીવન જીવવાનું શરુ કરી દીધું હતું. જ્યોતિષ ક્ષેત્રે પણ ઊંડાણપૂર્વકનું જ્ઞાન ધરાવતા હતા. તેઓના અનુયાયીઓમાં રાંકથી માંડીને તવંગર લોકોનો સમાવેશ થાય છે. પણ કદી દાદાએ કોઈ અભિમાન બતાવ્યું નથી, સૌ સમક્ષ સમદ્રષ્ટિ રાખીને હાજારો લોકોના દિલ જીત્યા હતા.

માત્ર રાજકોટ કે સૌરાષ્ટ્ર જ નહિ, દિલ્હી સુધીના અનેક મોટા રાજકીય અનુયાયીઓનો પણ નિયમિત બીપીનદાદાની કુનેહનો લાભ લેતા હતા. બીપીન દાદા હાલ તેઓના પરિવારમાં બે મોટાભાઈ કે જે બંને યુ.કે.માં છે તે બંને ડો. એચ.કે.પંડ્યા અને ડો. કે.કે.પંડ્યા, નાના ભાઈઓ અજયભાઈ અને દીપકભાઈ, પુત્રો દર્શનભાઈ પંડ્યા અને ધૈવતભાઈ પંડ્યા સહિતના પરિવારજનોને વિલાપ કરતા છોડી ગયા છે તેઓ હજારો અનુયાયીઓને શોકમાં ગરક કર્યા છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે ચંદ્રાસ્વામી કે જેઓ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને તમામ ધાર્મિક વિધિ કરાવતા હતા તેઓ પણ બિપિનદાદાના સમયાંતરે આશીર્વાદ લેતા હતા.

# રાજકોટની પાંજરાપોળમાં ૫૦૦૦ પશુનો થાય છે નિભાવ

રાજકોટ, તા.૧૨

જીવદયા નાં મંદિર સમી રાજકોટ મહાજન ની પાંજરાપોળમાં હાલમાં વૃદ્ધ, અસક્ત,બીમાર, નિરાધાર ગાય, વાછરડા, ઘેટા, બકરા આદિ અબોલ ૫૦૦૦ થી વધારે પશુ પક્ષીઓ આશ્રય હેઠળ છે. જેનો દૈનિક નિભાવ ખર્ચ સરેરાશ ૧,૬૨,૦૦૦/- આવી રહેલ છે.

મકરસંક્રાંતિ તારીખ ૧૪/૧/૨૫ મંગળવાર ઉત્કૃષ્ટ દાનના દિવસે રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળના રાજકોટ શહેરની અંદર અલગ અલગ ૧૪૦ જગ્યાએ મંડપો ઉભા કરાયા છે.

સૌ જીવદયાપ્રેમીઓને મંડપની મુલાકાત લેવા નમ્ર અપીલ છે.. ફક્ત ચેક ડિપોઝિટ ખાતા નંબર, રાજકોટ મહાજન પાંજરાપોળ બેન્ક ઑફ ઈન્ડિયા ખાતા નંબર ૩૧૦૧૧૦૧૦૦૦૧૧૩૯૨ છે.




૧૪૦ મંડપ ઉપર દાન એકત્ર કરવાની ગોઠવાઈ વ્યવસ્થા

મેડિકલ સ્ટોર્સ, મુરલીધર ચોક, પ્રેમ મંદિર, એ.જી સોસાયટી, શાસ્ત્રીનગર ગેટ, કે કે વી ચોક કોટેચા ચોક, સ્વામિનારાયણ મંદિર ચોક, અમીન માર્ગ, માયાણી ચોક, વિશ્વેશ્વર મંદિર, સ્વામિનારાયણ દેરાસરજી, મવડી ચોકડી, રામેશ્વર ચોક, હરીનગર,

નાનામવા ચોકડી, બાપાસીતારામ ચોક, દેવપરા ચોક હરીઘવા ચોક ૧, રૈયા ટેલીફોન એક્સચેન્જ ,ઉમિયા ચોક, સંતકબીર રોડ, વાણીયાવાડી, નટેશ્વર મંદિર ૮૦ ફૂટ, ન્યુ જૈનચાલ, સ્વામિનારાયણ મંદિર, સત્યસાંઈ હોસ્પિટલ, નાથ સ્ટોલ, મોટા મવા સ્મશાન, વાણીયાવાડી, ચિત્રકૂટધામ, ભોમેશ્વર મંદિર, રેલનગર, ડી.એસ. આર્ટસ, રૈયાધાર, સાધુ વાસવાણી રોડ, પારસધામ દેરાસર, રાજનગર, માઈ મંદિર, જામનગર રોડ, રામાપીર ચોકડી, નાગેશ્વર દેરાસરજી, મેન્ટલ રિટાયર્ડ હોમ, ક્રિસ્ટલ મોલ, અયોધ્યા ચોક, આલાપ ગ્રીન સિટી, સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર ૫, રાધાકૃષ્ણ ચોક, જ્ઞાનગંગા ક્લાસીસ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયજી, ભક્તિધામ મહાદેવ મંદિર, વાસુપૂજ્ય જિનાલય અમરનાથ મહાદેવ મંદિર, પટેલ ભેળ, જંકશન પ્લોટ, મોરબી રોડ જકાતનાકુ, નિર્મલા સ્કૂલ, બાપાસીતારામ ચોક, બાપુના બાવલા પાસે, હાઉસિંગ બોર્ડની સામે, મહિલા કોલેજની બાજુમાં, સરદારબાગ, પાટીદાર રેસીડેન્સી, આકાશવાણી ચોક, પરિમલ ચોક, અલય પાર્ક, ગોલ એપાર્ટમેન્ટ, શ્રીરામ અમરસ્મૃતિ, નાણાવટી ચોક, રાજેશ્વરી પાર્ક શાંતિનાથ દેરાસર, વૃંદાવન સોસાયટી, જ્યોતિનગર ચોક, બાલાજી મંદિર ૨, જગન્નાથ ચોક, નિર્મલા ચોક, હરિઘવા ૨, શેઠનગર, ધર્મેશ્વર મહાદેવ, નાગબાઈ પાન, બોમ્બે આયર્ન વર્કસ, કેનાલ રોડ, ગાંધીગ્રામ દેરાસર, મનમંદિર, વિમલનાથ દેરાસર, અંબાધામ, ફડેશ્વર મહાદેવ, શીતલપાર્ક, જીરાવાલા પાર્શ્વનાથ જિનાલય, નીલકંઠ ટોકીઝ, નવાગામ, કાલાવાડ રોડ, પંચાયત નગર પંચગોળ મંડપ, સુમતિનાથ દેરાસરનો સમાવેશ થાય છે. વધુ વિગત માટે પાંજરાપોળના કર્મચારી ભાવેશભાઈ જલુ ૯૬૩૮૪૩૩૦૭૦ નો સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

## અબોલ પ્રાણીઓ પ્રત્યે પ્રેમ અને કલ્યાણના હેતુસર જનજાગૃતિ માટે

# આજથી રાજ્યભરમાં 30 જાન્યુઆરી સુધી ઉજવાશે પ્રાણી કલ્યાણ પખવાડીયું



ગાંધીનગર, તા.૧૨

રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૪ થી 30 જાન્યુઆરી ૨૦૨૫ સુધી ''પ્રાણી કલ્યાણ પખવાડીયા''ની ઉજવણી કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન રાજ્યભરમાં અબોલ પ્રાણીઓના કલ્યાણને લગતા તથા તેમના પ્રત્યે પ્રેમ વધે તે સંલગ્ન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર, રાજ્યની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત નાગરિકો દ્વારા બિમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ, વંધ્યત્વ નિવારણ કેમ્પ એંટીરેબીસ કંટ્રોલ પ્રોગ્રામ તથા તાલીમ શિબિર જેવા પ્રાણી કલ્યાણના વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ પખવાડીયા દરમિયાન ''ઓક્સીટોસીન'' ઈંજેક્શનના દુરૂપયોગ બાબતે લોક જાગૃતી કેળવવી, મોટા પ્રમાણમાં પક્ષીઓ માટે સાનુકુળ વૃક્ષો જેવા કે જાંબુ, લીમડો, પીપળ, શીમળના વાવેતર માટે નાગરિકોને અનુરોધ કરાશે. પશુ પક્ષીઓને પુરતા પ્રમાણમાં ખોરાક અને પાણી મળી રહે તે માટે માટીના વાસણ-કુંડાનું વિતરણ કરાશે.

આ ઉપરાંત સમગ્ર પખવાડિયા દરમિયાન જનજાગૃતિને લગતા કાર્યક્રમોનું આયોજન કરીને શાળા, કોલેજ, કન્યા કેળવણી મંડળો તેમજ ગ્રામ પંચાયતો અને નગરપંચાયતો તરફથી પ્રાણી કલ્યાણ અને પ્રાણી પ્રત્યે પ્રેમ, દયા વિશે ચર્ચાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ પણ યોજાશે.

ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા જનજાગૃતિ માટે વિવિધ પોસ્ટરો છપાવવા ઉપરાંત પ્રાણી કલ્યાણ પખવાડિયા દરમિયાન ગ્રામ્ય કક્ષાએ યોજાતી શિબિરો દરમિયાન ગૌવંશ હત્યાના પ્રતિબંધ ધારો અમલમાં છે તેની જનજાગૃતિ કેળવવા માટે પ્રચાર કરાશે. અઈઈ રૂલ્સ-૨૦૨૩ના ચુસ્ત અમલીકરણ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થા સાથે સંકલન કરી એનીમલ બર્થ કન્ટ્રોલ પ્રોગ્રામના અમલીકરણ દરમ્યાન શ્વાનો પર ક્રુરતા ન થાય તે બાબત અંગે ધ્યાન રાખવા સૂચના આપવી તેમ યાદીમાં વધુમાં જણાવ્યું હતું.

# હઝરત ગેબનશાહ પીરનું બુધ-ગુરુએ ભવ્ય ઉર્ષનું આયોજન

## તા.૧૫ અને ૧૬ના રોજ રાષ્ટ્રીય કોમી એકતા, સર્વધર્મ સમભાવ સમારોહ, ખીરાઝ એ અકીદતનું ભવ્ય આયોજન

રાજકોટ મીરર તા.૧૨

સૌરાષ્ટ્રના શહેનશાહ અને કોમી એકતાના પ્રતિક સમા હઝરત ગેબનશાહ પીરનો ઉર્ષ મુબારક તા. ૧૫ અને ૧૬ જાન્યુઆરી બુધવાર અને ગુરુવારના રોજ યોજાશે. આ ઉર્ષ મુબારકના પ્રથમ દિવસે રાત્રે ૮ કલાકે રાષ્ટ્રીય કોમી એક્તા સમારોહ ત્યાર બાદ સર્વ ધર્મ સમભાવ સમારોહ અને ખિરાઝ એ અકીદતનું આયોજન કરવામાં આવશે.

આ તકે ખિરાઝ એ અકીદતના પૂર્વ ટ્રસ્ટીના હાજર રહેશે. જેમાં બફૈઝે રુહાની ગૌહરે સાદાત સૈયદી સરકાર અલ્હાજ મુહમ્મદ દાદાબાપુ કાદરી ફાતેમી રહેમતુલ્લાહ અલયહે (સાવરકુંડલા), હઝરત ગેબનશાહપીર દરગાહ શરીફના પૂર્વ ટ્રસ્ટી, મર્હુમ હાજી ઇકબાલબેગ મિરઝા (ટ્રસ્ટી), મર્હુમ કાસમભાઈ તાથાણી (ટ્રસ્ટી), મર્હુમ હાજી બાબુભાઈ જાનમહંમદ (પૂર્વ પ્રમુખ), મર્હુમ સુલેમાનભાઈ સંઘાર (પૂર્વ મહામંત્રી), મર્હુમ અબ્દુલભાઈ સુલેમાનભાઈ જુણેજા (ટ્રસ્ટી),

ઉર્ષના પ્રમુખ સ્થાનમાં પીરેતરીકત સૈયદ અહમદ મુનીરબાપુ કાદરી ફાતેમી (સાવરકુંડલા), પીરેતરીકત સૈયદ કાદીર પીરઝાદા સાહબ (પૂર્વ મેયર–સુરત), પીરેતરીકત સૈયદ જાવીદ પીરઝાદા સાહબ (પૂર્વ ધારાસભ્ય–વાંકાનેર), અલ્હાજ સૈયદ બરકતશાબાપુ (નેશનલ હોટલ, રાજકોટ), હાજી યુસુફભાઈ જુણેજા (મુસ્લીમ અગ્રણી, ઉદ્યોગપતી), હાજી જુમાભાઈ રાઈમા (પ્રમુખ–કચ્છ મુસ્લીમ સમાજ)જયારે ઉદઘાટક તરીકે નયનાબેન પેઢડીયા, નરેશભાઈ પટેલ, હાજી રાજજાદ હિરા, રસૈયદ જીશાન નકવી, હાજી આસીફભાઈ સલોત, અશોકભાઈ ડાંગર, મહેશભાઈ રાજપુત, કો. હેમાંગભાઈ વસાવડા, નરેન્દ્રસિંહ જાડેજા, બાબુભાઈ ઉધરેજા હાજર રહેશે

જયારે મુખ્ય મહેમાનો તરીકે જીવન કો.બેંકના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા(રા.લો.સંઘ), કશ્યપભાઈ શુકલ, ગુણવંતભાઈ ડેલાવાળા, પ્રદિપભાઈ ત્રિવેદી, નરેન્દ્રસિંહ ઠાકુર, નોર્બટ મેનેજીસ, ગિરીરાજસિંહ




રાઠોડ, જીમ્મીબાઈ અડવાણી , અશોકસિંહ વાઘેલા, દિપકભાઈ વ્યાસ, મુરલીભાઈ દવે, ઈન્દ્રનીલભાઈ રાજ્યગુર, મુકેશભાઈ દોશી, અતુલભાઈ રાજાણી, મકબુલભાઈ દાઉદાણી, ઈન્દ્રનીલભાઈ રાજ્યગુર, મુકેશભાઈ દોશી, અતુલભાઈ રાજાણી, મકબુલભાઈ દાઉદાણી, વઝીરખાન પઠાણ, નરેન્દ્રભાઈ દવે, રમીઝભાઈ સીંધી, હાજી કાદરબાપુ જુણેજા, કુસુમબેન ટેકવાણી, અલ્પાબેન દવે સાથે

હાજીહુશેનભાઈ સમા , ગુણવંતભાઈ ડેલાવાળા, હાજી અલ્તાફભાઈ ઠાસરીયા, પ્રદિપભાઈ ત્રિવેદી, હબીબભાઈ કટારીયા, જમાલભાઈ જુણેજા, નરેન્દ્રસિંહ ઠાકુર, નોર્બટ મેનેજીસ, રાજુભાઈ દલવાણી , સૈયદ એઝાઝબાપુ બુખારી ,હાજીહુશેનભાઈ સમા, ફારૂકભાઈ બાવાણી, , સૈયાદ એઝાઝબાપુ બુખારી ,પરેશભાઈ ગજેરા, દેવાંગભાઈ માંકડ, અમરીશભાઈ મકવાણા હાજર રહેશે.

સૌરાષ્ટ્રના પીરે તારીક્ત તથા મુશ્લીમ સમાજના અગ્રણીઓસૌરાષ્ટ્રના પીરે તરીકત તથા મુસ્લીમ અગ્રણીઓ સૈયદ ડો. મુસ્તાકબાપુ કાદરી, ઇરફાન પીરઝાદા, ઈકબાલભાઈ નુરમહંમદ ખફી , અલ્તાફભાઈ ખફી, અસલમભાઇ ખીલજી, હાજી જુસબમીયાબાપુ બુખારી, અલીબાપુ, મુના બાપુ, રજાકભાઈ હુશેનભાઈ હાલા, સૈયદ જમીલએહમદબાપુ કાદરી, સૈયદ હા. ખાલીદબાપુ કાદરી, મહેમુદમીયા અબુમીયા સૈયદ, સૈયદ હા. અલ્તાફબાપુ કાદરી, યુસુફભાઇ સપ્પા, હાજી સલીમભાઈ ચૌહાણ, ગફારભાઈ સમા, પરવેઝસુમરા, રજાકભાઈ ગાહા, સલીમભાઈ સમા હાજર રહેશે.અતિથીઓમાં નલીનભાઈ ઝવેરી, નલીનભાઈ તન્ના, જયેશભાઈ ઉપાધ્યાય, સુરેશભાઈ પટેલ, હિંમતભાઈ પરસા, લોરેન્સ સાહેબ, મિતુલભાઈ ખેતા, નીદતભાઇ બારોટ, દર્શનભાઈ ભીલ, અબ્દુલ રહેમાન મકરાણી , ખાલી મકરાણી ,અસલમભાઈ બ્લોચ, ભરતભાઈ બોરીસાગર, સીરાસુદ્દીન સોલંકી, એમ. આઇ. શેખ, ડો. ફારુકમિયા કાદરી, ડો.અ.કાદિર પટણી, મોઈન પટણી, હસનભાઈ મેતાજી, અલાઉદ્દીન કારિયાણીયા, રજાકભાઈ જુણેજા, હાજી બાબુભાઈ ઠેબા હાજરી આપશે.

મુસ્લિમ અગ્રણીઓમાં ઈબ્રાહીમ ભાઈ શેખ, હજી ફારુકભાઈ ખત્રી, મહેબૂબભાઈ હાલા, અસીમભાઈ અઘામ, યુસુફભાઇ દલ, સદામભાઈ શાંઘ, અનવરભાઈ દલ, રમજાનભાઈ ભલુર, હાજી હુસેનભાઇ માંડલિયા, અફઝલ ભાઈ રાઉમા, ઈબ્રાહીમ દલ, કસમભાઈ દલવાણી, અમનભાઈ જિંદાણી, યુનુસભાઈ જુણેજા, સલીમભાઈ હોથી, રજાકભાઈ જામનગરી, સમીરભાઈ શેઠ, ઈસ્માઈલ ખીયાણી, હાજી બાબુભાઈ, હનીફ ભાઈ જુનેજા, અમિયલભાઈ બાદી, હનીફભાઈ જેસાણી, મહમદભાઈ ચૌહાણ, સાજીદભાઈ ઠેબેપોત્રા, આસિફભાઇ ઠેબા, સલીમભાઈ કારિયાણીયા, રહીમભાઈ સાડેકી, મામદભાઈ સોઢા, કાથડ ભાઈ સમા, યુસુફભાઈ સોપારી વાળા, ઉપસ્થિત રહેશે.

જેમાં તમામ ધર્મોના મુખ્ય મહેમાનો પોતાના ધર્મનું પ્રવચન આપશે. જેમાં મુખ્ય વક્તાઓમાં સૈયદ અબ્દુલમીયા (બોદુબાપુ)(મુસ્લીમ સમાજના ધર્મગુરૂ,કલારીયા શરીફ),સૈયદ હુશેનમીયાબાપુ (મુસ્લીમ સમાજના ધર્મગુરૂ, હડમતીયા),સૈયદ મીઠુમીયાંબાપુ (મુસ્લીમ સમાજના ધર્મગુરૂ, ગોંડલ) ,સૈયદ મુન્નાબાપુ (મુસ્લીમ સમાજના ધર્મગુરૂ, સદર) ,ત્યાગવલ્લભ સ્વામીજી (યોગીધામ,ગુરુકુળ, રાજકોટ) , સ્વામી ધર્મ પાલાનંદ (શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટ) ,યુસુફભાઈ જોહર (વોહરા સમાજ અગ્રણી), રોય એબ્રાહમ (પ્રવકતા યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ), જલમીતસીંગ ધીલોન (પ્રમુખ સીંગ સભા ગુરુદ્વાર), જીતુભાઈ દેસાઈ (પ્રમુખ જૈન દેરાસર, માંડવી ચોક), ડો. સીજુભાઈ પીલાઈ (અયપ્પા ટેમ્પલ, પ્રમુખ) ત્યારબાદ ખાનકાહે અશરફીયા જાઈસ શરીફના સજ્જાદાનશીન ગાઝી એ ઈસ્લામ પીર તરીકત મૌલાના સલમાન અશરફ અશરફી સાહબ પીતાની જોશીલી મુબારક ઝબાનથી તકરીર ફરમાવશે. તેમજ ઉર્ષ મુબારકના બીજા દિવસે નમાજ બાદ હઝરત મૌલાના કાતિબ અહેમદ અકબરી (રાજસ્થાન)ની શાનદાર તકરીરની પ્રોગ્રામ રાખેલ છે.ઉર્ષ મુબારકના પ્રથમ દિવસે વહેલી સવારે સૈયદ સાદાંતના મુબારકના હાથે સંદલ ચડાવવામાં આવશે તેમજ બપોરે ૩:૦૦ કલાકે નહેરનગર રેયા રોડ વિસ્તારમાંથી હાજી બસીરબાપુ બુખારીની આગેવાનીમાં સંદલ ઝુલુસ નીકળશે અને દરગાહ શરીફ પહોંચશે.

ઉર્ષ મુબારકના પ્રથમ દિવસે નમાજ મગરીબ ભાટિયા બોર્ડિંગ ગ્રાઉન્ડમાં વેજીટેબલ પ્રસાદનું ખાસ આયોજન કરવામાં આવેલ છે. હિન્દૂ–મુસ્લીમ તથા તમામ સમાજના લોકોને હઝરત ગૌબનશાહ પીર દરગાહ શરીફ ટ્રસ્ટદ્વારા આમંત્રણ આપવામાં આવે છે.

# મારી પત્ની કોર્પોરેટર છે, તું કંઈ નહિ કરી લે કહી રસીકલાલ ખાણધર પર વેવાઈ સહિતનો હુમલો

## શાસ્ત્રી નગરનો બનાવઃ વેવાઈ, પુત્રવધુ સહિત ચાર લોકો સામે ફરીયાદ



રાજકોટ મિરર, તા.૧૨

મારી પત્ની કોર્પોરેટર છે તું કંઈ નહિ કરી લે કહી રસીકલાલ ખાણધર પર વેવાઈ સહિતનાએ હુમલો કર્યો હતો. ગત તા.૨૯/૧૨ ના રોજ ફરિયાદી પોતાના ઘરે હતા ત્યારે વેવાઈ, પુત્રવધુ સહિતનાએ ફરિયાદીને ઢિકા પાટુનો માર માર્યો હતો. અને તેની સાથે ૨૮ લોકો આવ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કર્યો હતો.

બનાવની વિગત અનુસાર ફરિયાદી રસીકલાલ વિરજીભાઈ ખાણધર (ઉ.વ.૫૦, રહે. ''વ્હાઈટ હાઉસ'' મકાન, બી.બી ૧૮, બંગ્લોઝ, શાસ્ત્રી નગર(અજમેરા), નાના મવા રોડ, રાજકોટ) એ ભરત છગનભાઈ પરમાર, જયદિપ ભરતભાઈ પરમાર, નિરાલી હાર્દિકભાઈ ખાણધર, જીતુ છગનભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતાને સંતાનમાં ત્રણ સંતાન છે. મોટો પુત્ર હાર્દિક (ઉ.૨૨), વચેટ

આદિત્ય (ઉ.૧૭) અને સૌથી નાનો પુત્ર દર્શન (ઉ.૧૫) છે. પોતે વેપારનો ધંધો કરે છે. મોટાં પુત્ર હાર્દિકના લગ્ન ૨૦૨૩ માં જામનગર ખાતે રહેતા ભરતભાઇ છગનભાઈ પરમારની દિકરી નિરાલી સાથે થયા હતાં. અને લગ્નના બીજા જ દિવસે પુત્રવધુ નિરાલીએ તેના પતિ હાર્દિક સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો. બાદમાં અવારનવાર નિરાલીએ તેના પતિ હાર્દિક સાથે ઝઘડો કરી અવારનવાર માવતરે જતી રહેતી હતી. ગત તા. ૨૯/૧૨/૨૦૨૪ ના રોજ રાત્રીના આશરે દસેક વાગ્યાના આસપાસ હું મારા ઘરે હતો ત્યારે ભરત છગનભાઈ પરમાર, જયદિપ ભરતભાઈ પરમાર, નિરાલી હાર્દિકભાઈ ખાણધર, જીતુ છગનભાઈ પરમાર સહિત ૨૮ લોકો આવ્યાં હતા. તે તમામ ધ્રોલ અને જામનગરના વતની છે. આવીને મને એક પત્રિકા બતાવેલ. જે પત્રિકા બાબતે વેવાઈ ભરતભાઈને પૂછતાં ભરતભાઇ ઉશ્કેરાઈ જઈને અપશબ્દો બોલી મને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને તેનો દિકરો ઢીકાપાટુનો માર મારવા લાગેલ. તેવામાં મારો પુત્ર આદિત્ય વચ્ચે પડતાં તેને પણ મારવા લાગેલ. દરમિયાન ત્યાં ઉપસ્થિત લોકોએ છોડાવ્યો હતો.

અને બાદમાં મેં જણાવેલ કે હુ આ પત્રીકા બાબતે કોઇ હકિકત જાણતો નથી. ત્યારે ભરતભાઈએ જણાવેલ કે

તારા વિરુધ્ધમાં ખોટી ફરીયાદ કરી તને સમાજમાં બદનામ કરી નાખીશ.તારા દિકરા હાર્દિકને હું ઘર જમાઈ તરીકે રાખીશ. તારાથી જે થાય તે કરી લેજે. તને સમાજમાં કયાંય ચાલવા જેવુ રહેવા નહીં દઉ.તારી સાથે રહેતા તારા બન્ને દિકરાને સમાજની કોઇ દિકરી ના આપે તેવી પરીસ્થીતી કરવા માટે હું તથા મારા પરીવારજનો અહીં તારા ઘરે આવેલ છીએ. અને તુ જો કોઇ હોંશીયારી કે પોલીસ ફરીયાદ કરીશ તો તારા પર ટ્રક ચડાવી દઈસ. તુ મારું કઈ નહી કરી લે. વધુમાં કહેલ કે મારી પત્ની તરૂણાબેન હાલ જામનગર ખાતે કોર્પોરેટર છે. જેથી તારાથી કાંઇ એટલે કાંઇ થશે નહી. ગાંધીનગર તો શું દિલ્હી સુધી પહોંચ છે. તારે ગમે ત્યાં જાવું હોય ત્યાં જા હું પણ જોવ છું કે તારી ફરીયાદ કોણ લે છે.તેમ કહી આ ભરતભાઈ તથા તેના પરીવારના સભ્યો જતા રહેલ હતા. બાદમાં ફરિયાદીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહિ હાથ ધરી છે.

# મેટોડા GIDC નજીકથી ચાઈનીઝ દોરીની ૭૦ ફીરકી સાથે સુનીલ જાખલીયા ઝડપાયો

## રૂ.૧૪૦૦૦નો મુદ્દામાલ કબજે કરતી મેટોડા જી.આઈ.ડી.સી પોલીસ

રાજકોટ મિરર,તા.૧૨

ઉતરાયણ પુર્વે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા જડપાઇ રહ્યાછે. ત્યારે ચાઈનીઝ દોરીની ૭૦ ફીરકી સાથે એક વેપારી પકડાયો હતો. પોલીસે શખ્શને પકડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ મેટોડા જી.આઈ.ડી.સી.પોલીસના કોન્સ. રવુંભાઈ ટપુભાઈ ઈડા ગીડા, કોન્સ. હરેશભાઈ કરશનભાઈ સોરાણી, કોન્સ. નીતિનભાઈ ધીરજભાઈ મકવાણા સહીતનો સ્ટાફ ચાઈનીઝ દોરા તેમજ તુક્કલના પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ અંગે જાહેરનામું બહાર પાડેલ હોય જેની અમલવારી કરાવવા પેટ્રોલિંગમાં હતા. ત્યારે બાતમી મળી હતી કે મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર. ૩ માં રોડ પર સુનીલ દિનેશભાઈ જાખલિયા નામનો શખ્શ ચાઈનીઝ દોરીનું વેચાણ કરી રહ્યો છે, પોલીસે આ દરમિયાન પોલીસે દરોડો પાડતા રૂ.૧૪૦૦૦ની કિમતની ૭૦ ફીરકી મળી આવી હતી. જે જપ્ત કરી સુનીલ દિનેશભાઈ જાખલિયા (રહે. મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નંબર. ૦૨ ની સામે શ્રીનાથજી સોસાયટી તા. લોધિકા) ની અટકાયત કરી મેટોડા જી.આઈ.ડી.સી. મથકે ગુનો દાખલ કરાયો હતો.

**વાંજાવાસમાં જુગાર દરોડો**

લોધિકા તાલુકાના વાંજાવાસ પાછળ દેવીપુજકના ઝુંપડા પાસે જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પાડતા ત્રણ શખ્સો ઝડપાઈ ગયા હતા.

જેમાં ધીરુ તખુભાઈ પરમાર , બાવા ધારશીભાઈ વાઘેલા, સંજય ઉર્ફે સંદીપ રણજીતભાઈ ચારોલા (રહે. તમામ શખ્સો વાંજાવાસ પાછળ ઝૂંપડામાં)નો સમાવેશ હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે દરોડા સમયે રૂ.૧૦૫૦નો મુદ્દામાલ કબજે કરી ત્રણેય સામે કાયદેસરની કાર્યવાહીકરી હતી.

**જેતપુર : ૭ ફીરકી સાથે એક પકડાયો.**

ફૂલવાડી, રામજીમંદિર રોડ, આરતી ડાઇનિંગ પાસે અમિત કિશોર ભોજવિયા નામના શખ્શને શહેર પોલીસ સ્ટાફે રૂ. ૧૦૫૦ કિમતની ૭ ફીરકી સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ચાઈનીઝ દોરી વેચતા ૨૩ સામે ગુન્હો

## મકરસંક્રાંતિ પૂર્વે પતંગ-દોરાની દુકાન, સ્ટોલ, પાથરણા પાથરીને વેચાણ કરનારાને ત્યાં પોલીસનુ ચેકીંગ

રાજકોટ મિરર, તા.૧૨

ઉત્તરાયણનો હવે એક દિવસ બાકી છે, ત્યારે પતંગ ચગાવવાનો માહોલ બની રહ્યો છે. ગુજરાતમાં ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ છે પરંતુ ગેરકાયદેસર રીતે આ ઘાતક દોરીનું વેચાણ થઈ રહ્યું છે અને લોકો તેનાથી પતંગ પણ ચગાવે છે. તેનું વેચાણ હજુ અટક્યું નથી. ત્યારે સરકાર દ્વારા ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં રાજકોટ શહેરમાં ખુલ્લેઆમ ચાઈનીઝ દોરીનું વેચાણ થઈ રહ્યું છે.

રાજકોટ પોલીસે ૨ દિવસમાં ચાઈનીઝ દોરી અને તુક્કલનુ વેચાણ કરતા ૨૩ લોકોની અટકાયત કરવામાં આવી છે. ચુનારાવાડ ચોક પાસેથી ૨૫૦ ચાઈનીઝ તુક્કલ સાથે રોહિત ઉર્ફે કારો અરવિંદ સોલંકીને વેંચાણ કરતા ઝડપી પાડવામા આવ્યો હતો. જ્યારે પાકું સિન્થેટિક મટીરીયલ, કાચ પાઉડર અને હાનિકારક પદાર્થોથી તૈયાર થતા દોરા સાથે અન્ય શખ્સોને અટક કરવામા આવેલ છે. ચાઈનીઝ દોરી કોઈ પણ વ્યક્તિ કે પશુ - પક્ષીના ગળામાં આવે તો તે જીવલેણ સાબિત થાય છે. દર વર્ષે પશુ પક્ષીઓ અને વાહન ચાલકોના ચાઈનીઝ દોરીના કારણે ગળા કપાયા હોવાના બનાવ બનવા છતાં પણ તેના ઉપર કોઈ પણ પ્રકારનું પ્રતિબંધ લાવવામાં આવતું નથી. આ વખતે પણ કડક પ્રતિબંધ છતાં પણ ખુલ્લેઆમ ચાઈનીઝ દોરી અને તુક્કલનુ વેચાણ થઈ રહ્યું છે.

રાજકોટના બી ડિવિઝન પોલીસે પેડક રોડ ઉપર વિદ્યાલય પાસે જાહેરમાં રસ્તા ઉપર ૫૫ વર્ષીય રાજુ પટ્ટણી પાસેથી કાચ અને માંઝાથી પાયેલી દોરીની ૫ રીલ અને ૨ કિલો કાચનો પાવડર કબજે કર્યો. પેડક રોડ પર બાલક હનુમાન મંદિર પાસે પૃથ્વી પટ્ટણીને કાચ અને માંઝાથી પાયેલી દોરીની પ્લાસ્ટિકની ૫ ફિરકી અને કાચ પાવડર, વિજય પટ્ટણી પાસેથી ૬ ફીરકી, ભગવતીપરામાં કેતન નાટડા પાસેથી ચાઈનીઝ દોરીની ૨ ફીરકી કબજે કરી છે. જ્યારે ભક્તિનગર પોલિસે ન્યુ સાગર સોસાયટી મેઈન રોડ ઉપર ચાઈનીઝ દોરીની ૬ રીલ સાથે આફતાબ સવાણને પકડી પાડયો



છે. જ્યારે થોરાળા પોલીસે ચુનારાવાડ ચોક પાસેથી ૨૫૦ ચાઈનીઝ તુક્કલ સાથે રોહિત ઉર્ફે કારો અરવિંદ સોલંકીને વેંચાણ કરતા ઝડપી પાડવામા આવ્યો હતો.

આજીડેમ પોલીસે કોઠારીયા રોડ ઉપર ચાઈનીઝ દોરીની ૫ ફિરકી સાથે કાળુ મારુને અને માલવીયાનગર પોલિસે માયાણી ચોક પાસેથી કાચ અને હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર થયેલી પાકા દોરાની ૪ ફિરકી અને કાચ પાવડર સાથે જયંતિ પટની, લક્ષ્મીનગર રોડ ઉપર અશોક ગાર્ડન પાસેથી ઉપરોક્ત રીતે વેંચાણ કરતા દિપક રાઠોડને પકડી પાડયો હતો. આ સાથે જ ક્રાઈમ બ્રાન્ચે રેલ નગરમાં પેટ્રોલ પંપની સામે રિયા ટોયઝ અને સાયકલની દુકાનની બહાર ટેબલ રાખી પતંગ દોરાનું વેચાણ કરતા ૨૪ વર્ષીય રાહુલ બાટવિયાને પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૩ ફીરકી સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

ચાઈનીઝ કાચથી રંગ ચડાવેલી ૮ ફિરકી કબજે કરી આ ઉપરાંત આનંદ બંગલા ચોક પાસે સિઝનલ વેપારી શૈલેષ વાડોલીયા કાચના પાવડરનો ઉપયોગ કરી પાકો દોરો બનાવતો હોવાથી પોલિસે પાકા દોરાની ૪ ફિરકી કબજે કરી હતી. અ ડિવિઝન પોલીસે દાતાર બાપુના તકિયા પાસેથી મહમદ ખાલીફ પાસેથી કાચના પાવડરથી તૈયાર પ્લાસ્ટિકની ૩ ફિરકી અને ત્યાં જ સલમાન મન્સૂરી પાસેથી ૩ ફિરકી, નવાગામ પાસે રોહિત સાકરીયા પાસેથી ખઘગઘ જીઁઢ લખેલી ચાઈનીઝ દોરીની ૩ રીલ, સદર બજારમાં રાજેશ ગૌતમ પાસેથી પાકું સિન્થેટિક મટીરીયલ, કાચ પાઉડર અને હાનિકારક પદાર્થો કબજે કર્યા હતા તો ત્યાં જ અનવરઅલી કેસરઅલીને ઉપરોક્ત પદાર્થો સાથે ઝડપી પાડયો હતો. આ સાથે જ સેલસ હોસ્પિટલ સામેથી નિલેશ બુંદેલા, ત્યાથી જ સાગર ધુરકાને પકડી પાડયો હતો.

ઉપરાંત ગોંડલ ચોકડી નજીક ઇછ્છાજ બસ સ્ટેશન સામે જાહેરમાં વીરચંદ પટણી પાસેથી મેઈડ ઈન ચાઈના લખેલું ચાઈનીઝ કાચની ભૂકીનું ૨૫ કિલોનું બાચકુ, ચાઈનીઝ કાચથી રંગ ચડાવેલી ૮ ફિરકી કબજે કરી હતી.

માંડા ડુંગર પાસે રામ પાર્ક મેઈન રોડ ઉપરથી મહેશ પટનીને કાચની દોરીવાળી ફિરકી, રૈયા રોડ ઉપર આઝાદ ચોક પાસેથી મુસ્તુફા મામટીને ૧ ફિરકી, જામનગર રોડ ઉપર ઘંટેશ્વર ૨૫ વારિયા કવાર્ટર પાસેથી હિતેશ હરેશિયાને ૧૩ ફિરકી, નાનામવા મેઈન રોડ ઉપર ભીમ નગર શેરી નંબર ૧૨ પાસેથી પ્રકાશ લોલાડીયાને ૫ ફિરકી, ૧૫૦ ફટ રીંગ રોડ ઉપર રાધે હોટલ પાસેથી સુરેશ પટણીને પ્રતિબંધિત કાચની રંગ પાયેલી ૫ ફીરકી સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

# ૧૫ વર્ષિય હાર્દિક વાઘેલાનો આપઘાત

## આપઘાતનું કારણ અકળ:૮૦ ફુટ રોડ, સત્યમ પાર્કનો બનાવઃ પરિવાર શોકમય

રાજકોટ મિરર, તા.૧૨

વર્તમાન યુગમાં હવે કોઈને સહનશીલતા રહી નથી. નાની અમથી વાતમાં પણ આત્મઘાતી પગલા ભરતા થઈ ગયા છે. આ વાતની સાબિત કરતી ઘટના રાજકોટમાં બની હતી. શહેરનાં ૮૦ ફુટ રોડ, સત્યમ પાર્ક શેરી નં-૩માં રહેતાં ૧૫ વર્ષિય તરુણે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર ૮૦ ફુટ રોડ, હુન્ડાઈના શો રૂમની સામે સત્યમ પાર્ક શેરી નં-૩ માં રહેતો ૧૫ વર્ષિય હાર્દિક કમલેશભાઈ વાઘેલા નામના તરુણે ગઈ કાલ બપોરનાં પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બપોરે તરુણનો ભાઈ સ્કૂલેથી ઘરે આવ્યો ત્યારે ઘરનો દરવાજો ખોલી જોયું તો હાર્દિક લટકેલી હાલતમાં હતો. આ જોઈ તરુણનો ભાઈ સ્તબ્ધ થઈ ગયો હતો. અને રાડારાડી કરવા લાગ્યો તેવામાં આજુબાજુના માણસો એકઠા થઈ ગયા હતા. બાદ પરિવારજને બનાવ અંગે થોરાળા પોલીસને જાણ કરતા પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને પોલીસે જરૂરી કાગળો કરી તરુણના મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તરુણના પિતા મજુરી કામ કરે છે. ક્યાં કારણોસર તરુણે આ પગલું ભર્યું તે હજુ જાણવાં મળ્યુ નથી. પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# ૨૭ વર્ષિય મિલન તન્નાનો ટ્રેન નીચે પડતું મુકી આપઘાત

## ઈશ્વરીયા ફાટક પાસેનો બનાવઃ ડિપ્રેશનમાં પગલું ભર્યુ હોવાનું તારણ

રાજકોટ મિરર, તા.૧૨

ઈશ્વરીયા ફાટક પાસે ૨૭ વર્ષિય મિલન તન્નાએ ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટુંકાવી લીધું હતું. મૃતક યુવક ૧૫૦ ફુટ રિંગ રોડ પર રાધા રેસીડેન્સી-૨માં રહેતો હતો.

ડિપ્રેશનમાં આવી પગલું ભર્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ૧૫૦ ફુટ રિંગ રોડ ગોકુલમથુરા પાછળ, રાધા રેસીડેન્સી-૨ માં રહેતાં મિલનભાઈ યોગેશભાઈ તન્ના (ઉ.વ.૨૭) નામનાં યુવકે ગઈ કાલે બપોરે ઈશ્વરીયા ફાટક પાસે ટ્રેન નીચે પડતુ મૂકી જીવન ટુંકાવ્યું હતું. ઘટનાની ૧૦૮ ને જાણ કરતાં ૧૦૮ ની ટીમે ઘટના સ્થળે જઈ યુવકને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી.

પોલીસે યુવકનાં મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી હતી. જે તપાસ મૃતક યુવક છૂટક મજુરી કામ કરતો હતો. બે ભાઈમાં નાનો હતો. થોડો સમયથી ડિપ્રેશનમાં રહેતો હોય જેથી ડિપ્રેશનમાં આ પગલું ભર્યું હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# આજથી બે દિવસ ઉજવાશે પંજાબી તહેવાર લોહડી

રાજકોટ, તા. ૧૨

લોહડી એ એક પંજાબી તહેવાર છે. આ તહેવાર પંજાબી ખેડૂતો માટે વધારે મહત્વપૂર્ણ હોય છે. આ સમયે ખેતર ઉપજ લહરાવે છે અને મોસમ સુહાવનો થવા લાગે છે. લોહડીની રાત સૌથી લાંબી રાત ગણાય છે ત્યારબાદ આવતા દિવસો ધીમે ધીમે મોટા થતા જાય છે. લોહડીનો તહેવાર પૌષ મહીનાની અંતિમ રાત્રે અને મકર સંક્રાતિની સવારે સુધી ઉજવાય છે. લોહડી ઉત્તર ભારતનો સૌથી લોકપ્રિય તહેવાર છે, પરંતુ ખાસ કરીને પંજાબમાં આ તહેવાર ખૂબ જ ધૂમધામથી મનાવવામાં આવે છે. વર્તમાન સમયમાં ગુજરાતમાં પણ ભાવનગર જેવા પ્રદેશમાં લોહડીનો તહેવાર ઉજવાય છે. લોહડી શબ્દને લઇને લોકોની અલગ-અલગ માન્યતાઓ છે. કેટલાય લોકો માને છે કે લોહડી શબ્દ 'લોઇ (સંત કબીરની પત્ની)'થી ઉત્પન્ન થયો હતો, પરંતુ કેટલાય લોકો આ શબ્દ તિલોડીમાંથી બન્યો હોય તેમ માને છે જે બાદમાં લોહરી બની ગયો અને કેટલાક લોકો એમ પણ માને છે કે આ શબ્દ લોહથી ઉત્પન્ન થયો હતો, જે રોટલી બનાવવા માટે ઉપયોગી એક ઉપકરણ છે. આજે વ્યવહારમાં લોહડી શબ્દ પણ પ્રયોજાય છે. ઘણા લોકો માને છે કે લોહરીના દિવસે અગ્નિ રાજા દક્ષની પુત્રી સતીની યાદમાં પ્રગટાવવામાં આવે છે. પૌરાણિક કથા અનુસાર એકવાર રાજા દક્ષે યજ્ઞ કરાવ્યો અને તેમાં પોતાના જમાઇ શિવ અને પુત્રી સતીને આમંત્રિત કર્યા ન હતા. આ વાતથી નિરાશ થઈને સતી પોતાના પિતા પાસે જવાબ માંગવા પહોંચ્યા કે તેમણે શિવજીને યજ્ઞ માટે આમંત્રણ કેમ મોકલ્યું નથી. આ વાત પર રાજા દક્ષે સતી અને ભગવાન શિવની ખૂબ જ નિંદા કરી. સતી ખૂબ જ રોઇ, તેનાથી તેના પતિનું અપમાન જોઇ શકાતું ન હતું અને તેથી તેમણે આ યજ્ઞમાં પોતાની જાતને ભસ્મ કરી દીધી. સતીના મૃત્યુનાં સમાચાર સાંભળીને ભગવાન શિવે વીરભદ્રને ઉત્પન્ન કરીને તેના દ્વારા યજ્ઞનો નાશ કરી દીધો. ઘણા લોકોનું માનવું છે કે લોહડીમાં આગ છેલ્લી લાંબી રાત અને માઘની પ્રથમ સવારની કડકડતી ઠંડીને ઓછી કરવા માટે પ્રગટાવવામાં આવે છે.



ભાવનગર જેવા પ્રદેશમાં લોહડીનો તહેવાર ઉજવાશે

# મકાન માલિકે ભાડૂઆત મહિલાને લગ્નની લાલચ આપી શરીર સબંધ બાંધ્યો

## ફોટા વાયરલ કરતાં મહિલાએ નોંધાવી ફરિયાદઃ એરપોર્ટે પોલીસે ગુનો નોંધી કાર્યવાહિ હાથ ધરી

રાજકોટ મિરર, તા.૧૨

મકાન માલિકે ભાડૂઆત મહિલાને લગ્નની લાલચ આપી શરીર સબંધ બાંધી ફોટા વાયરલ કરતાં મહિલાએ એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવની વિગત મુજબ મૂળ સુરેન્દ્રનગરના ચોટીલાના ભોજપરીના રહેવાસી ગોરધન મનુભાઈ વાલાણી સામે એરપોર્ટ પોલીસ મથકમાં એક મહિલાએ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૩૧/૦૫/૨૦૨૩થી ૩૦/૦૩/૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન ફરિયાદી આરોપીના મકાનમાં ભાડે રહેતા હોય. આ દરમિયાન આરોપીએ લગ્નની લાલચ આપી અવારનવાર શરીર સંબંધ બાંધ્યો હતો. જે બાદ ફોસલાવી ફોટા પાડી સંબંધ નહિ રાખે તો ફોટા વાયરલ કરવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જોકે, આરોપીએ વ્હોટ્સએપ સ્ટેટસમાં ફોટા મૂકી વાયરલ કર્યા હતા.

જેથી એરપોર્ટ પોલીસે ઈગજ કલમ ૬૯, ૩૫૧(૩) અને ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી કલમ ૨૦૦૦ કલમ ૬૬(ઈ) મૂજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અવસાન નોંધ

## રાજકોટના પ્રખ્યાત જ્યોતિષી બીપીનદાદા પંડ્યાનું અવસાન



રાજકોટ : નરેન્દ્રભાઈ કાશીનાથભાઈ પંડ્યા(બીપીનદાદા) ઉમર વર્ષ ૭૬ તે દર્શનપંડ્યા (મો.૯૦૯૯૭૩૭૩૧) તેમજ ધૈવતપંડ્યા (૯૫૭૪૨૧૧૯૧૧)ના પિતાશ્રી, ડો. એચ.કે.પંડ્યા, ડો.કે.કે.પંડ્યા(યુ.કે.)ના નાનાભાઈ, અજયભાઈ અને દીપકભાઈના મોટાભાઈનું તા. ૧૨ ના રોજ અવસાન થયું છે. આજે તેમના નિવાસ સ્થાન ૬૦, સીલ્વર સ્ટોન-૨,મેઈન રોડ,રાજકોટથી નીકળેલી અને મોટા મૌવા સ્મશાનઘાટ પર પહોચેલી સ્મશાનયાત્રામાં સેંકડો ડાઘુઓ જોડાયા હતા.અને સૌએ બીપીનદાદાને અશ્રુભીની શ્રધાંજલિ અર્પી હતી.

# કાલાવાડ રોડ પર પતંગની દોરીથી મહિલાનું ગળું કપાયું



રાજકોટ મિરર, તા.૧૨

ઉત્તરાયણનો હવે એક દિવસ બાકી છે, ત્યારે પતંગ ચગાવવાનો માહોલ બની રહ્યો છે. ગુજરાતમાં ચાઇનીઝ દોરી પર પ્રતિબંધ છે પરંતુ ગેરકાયદેસર રીતે આ ઘાતક દોરીનું વેચાણ થઈ રહ્યું છે અને લોકો તેનાથી પતંગ પણ ચગાવે છે. પરંતુ તેનું વેચાણ હજુ અટક્યું નથી. ત્યારે રાજકોટમાં જીવલેણ દોરીને કારણે એક મહિલાનું ગળું કપાયુ હોવાનું સામે આવ્યું છે.

ગઈ કાલ સમી સાંજે અંજલીબેન ગૌસ્વામી નામની મહિલા તેના બે પુત્ર સાથે કાલાવાડ રોડ પર ટુ વ્હીલરમાં જતી હોય ત્યારે અચાનક પતંગની દોરી ગળાના ભાગે આવી જતા ગળામાં ગંભીર ઈજા પહોંચી હતી. બાદ તાકિદે કોઈ રાહદારીએ ૧૦૮ ને જાણ કરતાં ૧૦૮ તુરંત બનાવ સ્થળે દોડી ગઈ હતી. અને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તેણી હાલ સારવારમાં છે. ઉત્તરાયણ પહેલા ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવીને અન્ય લોકોના જીવ જોખમમાં નાખનાર લોકોએ ધ્યાન રાખવાની જરૂર છે. તમારી એક ભૂલ બીજા લોકોને ભારે પડી શકે છે.

# સંસ્કૃતિનું જોડાણ તૂટે તો પતંગ કપાઈ જાયઃ રૂપાલા

## સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના હસ્તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શુભારંભઃ ૧૬ દેશોના પતંગબાજો જોડાયા

### પતંગ માનવીને પોતાની મૂળ સંસ્કૃતિ સાથે જોડાઈને ઉડવાની શીખ આપે છે



### પતંગોત્સવમાં ૧૬ દેશોના પતંગબાજો જોડાયા : આકાશમાં ખેલાયો પતંગોત્સવ



### રાજકોટનું આકાશ રંગાયું પતંગોના રંગે





રાજકોટ, તા.૧૨

સાંસદ પરશોત્તમભાઇ રૂપાલાના હસ્તે રાજકોટ સ્થિત ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ'નો પ્રારંભ થયો હતો.

આ તકે સાંસદ રૂપાલાએ જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના તળપદા તહેવાર ઉત્તરાયણને આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ સુધીની ગરિમા સુધી પહોંચાડ્યો છે. પ્રધાનમંત્રી એ યોગ, ધ્યાન, ઉત્તરાયણ જેવા આપણા સાંસ્કૃતિક પર્વોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. તેમણે પતંગોત્સવ થકી ઉદ્યોગ, રોજગારી અને પ્રવાસનને વેગ આપ્યો છે.

આ સાથે પતંગ થકી જીવનની શીખને સમજાવતા રૂપાલાએ કહ્યું હતું કે, પતંગ માનવીને પોતાના મૂળ સ્ત્રોત, પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાની શીખ આપે છે, તે ઉપદેશ આપે છે કે, જયાં સુધી આપણે મૂળ સાથે જોડાયેલા છીએ ત્યાં સુધી જ ઉડાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. સંસ્કૃતિનું જોડાણ તૂટતા આપણી પતંગ કપાઈને જમીન દોસ્ત થઈ જાય છે.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયાએ આગામી મકરસંક્રાંતિ પર્વની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, રંગીલા શહેર રાજકોટમાં રંગીલો પતંગોત્સવએ અભૂતપૂર્વ નજારો બની રહેશે ત્યારે જીવનમાં પણ પતંગ અવનવું શીખવી જાય છે જેમ કે, સહકાર,સંપ, કરુણા જેવા પતંગોને ચગાવી જીવનને ઉન્નત લઈ જવું અને મોહ,કામ,ક્રોધ જેવા પતંગોને કાપીને તેનાથી દૂર થવું એ ઉતરાયણ પર્વ માનવને શીખવી જાય છે.

રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિ.ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫'માં નેધરલેન્ડ, વિયેતનામ, ઈટલી, સ્પેન, ગ્રીસ, પોલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ, પોર્ટુગલ, સાઉથ આફ્રિકા, યુ. એસ., રશિયા, લિથુઆનિયા જેવા ૧૬થી વધુ દેશોના અને પંજાબ, રાજસ્થાન રાજ્યના પતંગબાજોએ ભાગ લઈ અવનવા કરતબો કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે સ્વાગત પ્રવચન દ્વારા સર્વનું સ્વાગત અભિવાદન કર્યું હતું. આર.એમ.સી. કમિશનર તુષાર સુમેરાએ વિદેશથી પધારેલા પતંગબાજોને ભારતીય સંસ્કૃતિમાં પતંગોત્સવના મહત્વ વિશેની જાણકારી આપી હતી.

આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્યો સર્વ રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, દંડક મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઇ પુજારા, અગ્રણી મુકેશભાઈ દોશી, કોર્પોરેટરઓ અને રાજકોટના નાગરિકો બહોળી સંખ્યામાં સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.પતંગ ઉત્સવ પ્રસંગે રાજકોટ પધારેલા નેધરલેન્ડના પતંગબાજ પીટરે ગુજરાતમાં પતંગ ઉત્સવમાં પધારીને થતી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી, તેમણે રાજકોટ શહેરને સુંદર જણાવી પતંગોત્સવમાં આમંત્રણ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ઉત્સવમાં વિદેશથી પધારેલા પતંગબાજો પણ ગુજરાતી ગીતો પર ઝૂમ્યા હતા.

# સૌ.યુનિ.ની નેગેટિવ ઈમેજ સુધારો : મોકરિયા

## હેન્ડબોલ ટુર્નામેન્ટનું ઉદઘાટન કરી નવનિયુક્ત કુલપતિ ડો. ઉત્પલ જોશીને, સૌ.યુનિ.ના કર્મચારીઓ, છાત્ર સંગઠનો પણ સહકાર આપે તેવી રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાની ઉપસ્થિતોને અપીલ







રાજકોટ મિરર, તા.૧૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેદાનમાં આજથી ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન હેન્ડબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો હતો. રાજ્ય સભાના સાંસદ રામભાઈ મોકરિયાના હસ્તે ઉદઘાટિત થયેલ ટુર્નામેન્ટ દરમિયાન પ્રસંગોચિત વક્તવ્યમાં રામભાઈ મોકરિયાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ખરડાયેલી, નેગેટિવ છાપ સુધારવાની જરૂર છે. એટલું જ નહિ એક હાથે તાળી ન પડે તેમ નવનિયુક્ત કુલપતિ ડો. ઉત્પલ જોશીને સૌ. યુનિવર્સિટીના કર્મચારીઓ અને છાત્રા સંગઠનો સમાંયાંતરે સાથ અને સહકાર આપતા રહે તે જરૂરી છે.

આજથી શરુ થયેલી ટુર્નામેન્ટમાં ગુજરાત સહીત રાજસ્થાન મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ગોવાની ૭૦ યુનિવર્સિટીના ૭૦૦થી વધુ ખેલાડીઓ આ સ્પર્ધામાં ભાગ લેશે. આ તકે રાજ્યસભાના સાંસદ રામ મોકરીયાએ નવનિયુક્ત કુલપતિ ડો. ઉત્પલ જોશીને આવકાર્યા હતાં તેમજ બી ગ્રેડ તરફ ઢસડાઈ રહેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એ ગ્રેડ મેળવે તેવા પ્રયત્નો કુલપતિ દ્વારા કરવામાં આવે અને તેમાં બંને સાંસદોનુ નિરંતર માર્ગદર્શન મળતું રહેશે તેવો કોલ આપ્યો હતો.

રામભાઈએ વધુમાં એવું પણ જણાવ્યું હતું કે, પેપરમાં જે દરરોજ વસ્તુઓ આવ્યા રાખે છે તો તેના માટે લોકલ સ્ટાફ કેરફૂલ રહે, યુનિવર્સિટીની ખોટી મેટરો ક્યાંય ન આવે. યુનિવર્સિટીની સારી ઈમેજ ક્રિએટ થાય તેના માટે સહિયારો પ્રયાસ કરવાની જરૂર છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફર્સ્ટ રેન્કમાં લઈ જવાની ડો. ઉત્પલ જોશીને શુભેચ્છા આપી હતી. કુલપતિ બાદમાં કુલપતિ ડો. ઉત્પલ જોશીએ પણ કહ્યુ કે, રાજયસભાના સાંસદ તેઓની નિમણૂક થયાના પ્રથમ કાર્યક્રમમાં આવ્યા છે તો તેઓ વારંવાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવે અને અમને માર્ગદર્શન આપે તે માટે આવકારીએ છીએ. સાથે જ બહારગામથી આવતા ખેલાડીઓને ભોજન કે રહેવામાં કોઈ તકલીફ પડે તો તુરંત જાણ કરે, તો સમસ્યા હલ કરવા પ્રયાસ કરાશે.લોકસભાના સાંસદ પરસોત્તમ રૂપાલાએ જણાવ્યું હતુ કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હેન્ડ બોલની ઝોનલ ઈવેન્ટ યોજાઈ રહી છે તે આવકારદાયક છે. મકરસંક્રાંતિનું પર્વ ચાલી રહ્યું છે, ત્યારે સમગ્ર દેશનું આકાશ રંગબેરંગી થઈ જશે. સ્વામી વિવેકાનંદની આજે જન્મજયંતી છે, ત્યારે દરેક ખેલાડીઓ તેમનાં સ્લોગનનુ અનુકરણ કરે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબાએ જણાવ્યું હતુ કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૨૦ વર્ષ બાદ ઇન્ટર યુનિવર્સિટીની સ્પર્ધા યોજાઈ રહી છે. ગુજરાતમાં ૨૫ વર્ષ બાદ હેન્ડ બોલની ઇન્ટર યુનિવર્સિટી ભાઈઓની સ્પર્ધા યોજવામાં આવી છે, જે ૧૨થી ૧૬ જાન્યુઆરી સુધી ચાલશે. ૭૦ યુનિવર્સિટીની ૭૦ ટીમના ખેલાડીઓ અહીં આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આવ્યા છે.

હું પોતે હેન્ડ બોલનો નેશનલ પ્લેયર રહી ચૂક્યો છું. ત્યારે હાલમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હેન્ડ બોલની ટીમમાં ૧૬માંથી ૧૨ ખેલાડીઓ નેશનલ પ્લેયર છે, જ્યારે ૮ ખેલાડીઓ નેશનલ મેડાલિસ્ટ છે. બોલ ટીમના કેપ્ટન અનંત જૈને જણાવ્યું હતું કે, ઇન્ટર યુનિવર્સિટી હેન્ડબોલ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું સારું પરફોર્મન્સ રહે તે માટેના પ્રયાસો કરવામાં આવશે. હું બીજી વખત હેન્ડબોલની ઇન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યો છું.

## યશ્વી ટાંકે કર્યા સૌને આશ્ચર્યચકિત

ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન હેન્ડબોલ ટુર્નામેન્ટ પ્રારંભ દરમિયાન ખેલો ઈન્ડિયામાં કવોલિફાઈ થયેલી યશ્વી ટાંકે અદભૂત યોગા નિદર્શન કરીને ઉપસ્થિતોને દંગ કરી દીધા હતા. યશ્વીએ જાણે પોતાનું શરીર રબર હોવાનો સૌ મહાનુભાવોને અહેસાસ કરાવ્યો હતો.

